RNI No. GUJGUJ/2011/44815



વર્ષ : 7
જુલાઈ - 2018
કિંમત - રૂ.10/-

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ



અધ્યાત્મ દર્શન, કલા સર્જન ને સંસ્કૃતિ સંવર્ધન
સંનિષ્ઠા, સંગઠન ને સેવા એ જ સત્ સમાજ દર્શન



# કર્મમાં યજ્ઞ અને સેવાની ભાવના

**વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો,**

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

આપણે સૌ એ જાણીએ છઈએ કે આપણું જીવન એટલે સ્થિતિ અને ગતિનો, બંધન અને મુક્તિનો ખેલ. કેટલી ગાંઠો ને કેટલા ગાંસડાં ! કેટલી છુટ્ટી ને કેટલી છોડામણ ! કેટલું વીંટાતું આવે ને કેટલું ઉકેલાતું જાય ! અંતરના એકાંતે આપણે, પણ એકનાથે અનેક સાથેના મિલનમેળા પણ થતા જ રહે - જામતા જ રહે. જેમ એકાન્તનો તેમ મેળાનોય આનંદ લેવાની અને માણવાની તક આપણે જવા ન દેવાય. આવી એક સુંદર આનંદમેળાની તક આપણને સાંપડી માતૃસંસ્થાની સપ્તમ કારોબારીમાં કોઈમ્બતુર ખાતે. પ્રકૃતિની ગોદમાં આવેલા આ રમણીય સ્થળમાં એવા જ રમણીય રઘુવંશી સમાજે, જે ૧૧૦ જ પરિવાર ધરાવતો નાનકડો સમાજ છે, પરંતુ પોતાના સુવર્ણ જયંતી (૫૦ વર્ષ)ની ઉજવણીના ભાગરૂપે મહાપરિષદની કારોબારીને ખરા અર્થમાં પોતાના આયોજન, આતિથ્ય, એકોમોડેશન, ભોજન અને સૌથી અગત્યનું ઉચ્ચ ભાવના દ્વારા યાદગાર અને રમણીય બનાવી દીધી.

શ્રીમદ્ ભાગવત ગીતા આ જ શીખામણ આપે છે કે તમારા કર્મમાં યજ્ઞ અને સેવાની ભાવના ભેળવી દો તો કર્મ ખીલી ઊઠશે. કેમ કે ઉચ્ચ ભાવનાથી કર્મમાં રસ ઉત્પન્ન થાય છે અને કર્મનું સ્વરૂપ બદલાઈ જાય છે. ભાવના મરી ગઈ તો બધું જ મરી ગયું એમ સમજી લેજો. માછલાં અને માણસને એક ત્રાજવે તોળી ન શકાય. પ્રભુએ માણસને ભાવના, લાગણી ને વિવેકનું દાન દીધું છે. તેનો ઉપયોગ કરીને તે જીવનની નાની-મોટી પ્રત્યેક ક્રિયાને ભાવભરી ને મૂલ્યવાન બનાવી શકે છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થતી બધી જ નાની મોટી પ્રવૃત્તિઓમાં બસ આ ભાવના ભળી જાય એવું કરવું આપણા સૌની ફરજ છે.

જ્ઞાતિ કે સમાજના ઘડતરમાં આપણું કર્મ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે અને તેમાં સેવાની ભાવના ભળવાથી તે રસવાળું બની જાય છે. બોર વીણવાનું કામ કેટલું સાધારણ ગણાય ! છતાં તેવા સાધારણ કામમાં ઉત્તમ ભાવના ભળવાથી શબરીને માટે તે કામ એક મહાન સાધનાના અંગ જેવું બની ગયું. માતૃસંસ્થા મહાપરિષદની વિવિધ સ્થાયી સમિતિઓ દ્વારા, વિવિધ હોદ્દેદારો દ્વારા ઉત્તમ ભાવનાથી જે જે પ્રવૃત્તિઓ હાથ ધરાઈ અને અત્યારે થઈ રહી છે તે બધી જ પ્રવૃત્તિઓના પ્રયત્નોને હું શબરીના બોરની ભાવના જ ગણાવીશ. કોઈ કામ ભલે નાનું હોય કે મોટું, પણ તેને ઉચ્ચ સેવા ભાવથી સીંચો તો તેનું મૂલ્ય વધી જશે અને તે કર્મયોગ બની જશે. આવો જ એક કર્મયોગ શ્રી ધર્મેશભાઈ હરિયાણીની રાહબરીમાં શિક્ષણ સમિતિ દ્વારા આગામી તા. ૨૨ જુલાઈના રોજ વિદ્યાધામ વલ્લભવિદ્યાનગરમાં ખ્યાતનામ શ્રી જલારામ લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે "કારકિર્દી માર્ગદર્શન વર્કશોપ"ના સ્વરૂપે યોજાશે, જેમાં જ્ઞાતિના તેજસ્વી યુવક-યુવતીઓને જ્ઞાતિના જ ઉચ્ચકોટીના તજજ્ઞો દ્વારા ઉચ્ચ કારકિર્દીના વિવિધ વિકલ્પો તેમજ જી.પી.એસ.સી., યુ.પી.એસ.સી. જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કૌશલ્યો પ્રાપ્ત કરવા અંગેનું સરસ માર્ગદર્શન અપાશે. આયોજક ટીમ તેમજ યજમાન ટીમને હું ખૂબ જ અભિનંદન અને હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

આ તકે માતૃસંસ્થાની બધી જ સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓ, વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ જ્ઞાતિ વિકાસમાં સક્રિય સૌ હોદ્દેદારશ્રીઓ, જ્ઞાતિ શ્રેષ્ઠીઓ તેમજ મહાજનો, મહિલા સંગઠનો, યુવા સંગઠનો, છાત્રાલયો આપ સૌને નમ્ર અપીલ સાથે આગ્રહ કરું છું કે, ચાલો આપણે સૌ આપણી અનુકૂળતા, આવડત અને ક્ષમતા મુજબ જ્ઞાતિની પ્રગતિ અને વિકાસમાં જોડાઈએ અને આપણા ભાગે આવતા કર્મને યજ્ઞ સમજી ઉચ્ચ ભાવનાથી તેનું સિંચન કરીએ. ચોકકસપણે આપણું એ કર્મ આપણા માટે અને અન્ય માટે મુલ્યવાન બની જશે. અંતમાં કવિશ્રી જગદીશ સાધુ "પ્રજ્ઞેય"ની આ પંક્તિઓથી મારી વાત પૂરી કરું છું.

"ભાવથી ભેગાં મળી ક્યારી કરી,
ત્યારથી સંબંધ ગલગોટો થયો."

**પ્રવિણ કોટક**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : 7
જુલાઈ - 2018
અંક : 78
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત પે. વન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કચ્છ)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ફ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

<u>રજી. કાર્યાલય</u>
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 237

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| શ્રી લોહાણા મહાપરિષદ... સેવાના પગથારે | ૫ |
| સપ્તમ કારોબારી બેઠક – કોઇમ્બતુર | ૭ |
| વિભાગીય સમાચાર | ૧૫ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૮ |
| સંસ્થા સમાચાર | ૧૯ |
| શાબાશ રઘુવંશી | ૨૨ |
| શ્રી ખીમજી ભગવાન આર. સી. ચી. ભાગવત અતિથિ ભવન | ૨૩ |
| સૌજન્ય જાહેરાત, શ્રી દિપકભાઇ ઠક્કર – અમદાવાદ | ૨૪ |

## શ્રી લોહાણા મહાપરિષદ વાત્સલ્ય સમિતિ દ્વારા મહાજનશ્રીઓને ટોકનચાર્જથી મેડિકલ કિટ અર્પણ કરવા માટેની યોજના

જે તે પરિવારના ઘરે આકસ્મિક માંદગીના લીધે જરૂર પડે તેવા લગભગ ૨૫ જેટલા સાધનોની કિટ કે જેની બજારકિંમત અંદાજે ૨૫,૦૦૦ જેટલી થવા જતી હોય છે તેવી તમામ ચીજવસ્તુઓ સ્થાપિત મહાજનો અને રજીસ્ટર્ડ સંસ્થાઓ કે જેમની પાસે મહાજનવાડી, સત્સંગ ભવન, બાળાશ્રમ કે મંદિરમાં રાખવાની વ્યવસ્થા કે અવકાશ હોય ત્યાં આવી આકસ્મિક જરૂરિયાતની વસ્તુઓ વસાવવા માટે અનુરોધ કરાવામાં આવે છે. આ અંગે જે તે મહાજનશ્રી કે રજીસ્ટર્ડ સંસ્થા આ ચીજવસ્તુઓ મેળવવા માંગતા હોય તેમણે મહાજનશ્રીના લેટરહેડ પર આ કીટ મેળવવા ઈચ્છુક હોવાની અરજી અધ્યક્ષ / કન્વીનર, વાત્સલ્ય સમિતિ શ્રી લોહાણા મહાપરિષદના નામે અરજી અને રૂા. ૫૧૦૦/- નો ચેક શ્રી લોહાણા મહાપરિષદના નામે (ફક્ત મહાજન કે સંસ્થાના એકાઉન્ટમાંથી મળેલો ચેક જ માન્ય રહેશે.) લખી મોકલવા વિનંતી. આ યોજનામાં દર કિટે રૂા. ૧૧,૦૦૦/- શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સૌજન્યરૂપે ઉમેરવામાં આવે છે.



### વધુ વિગત માટે સંપર્ક સૂત્રો

શ્રી અશોકભાઈ ગઢિયા - ૯૭૧૨૯૭૬૮૬૪
શ્રી પી.જી. ઠક્કર (કન્વીનર) - ૯૮૨૫૦૬૨૭૯૨
શ્રી હિંમતભાઈ કોટક - મો.૯૯૨૫૧૧૦૯૨૫

# ખરી સમાજ સેવા, ખરું દાન

ભારતીય સંસ્કૃતિમાં વૈદિક શાસ્ત્રો, પુરાણો, ઉપનિષદો હજારો વર્ષ પહેલા વિચક્ષણ બુદ્ધિમત્તા ધરાવતા ઋષિમુનિઓ અને ચિંતકોના વૈચારિક પરિપાકરૂપે સર્જાયા હશે. જેનો પવિત્ર હેતુ એ હતો કે વ્યક્તિગત માનવને સ્વસ્થ અને શાંત મનુષ્યત્વ પ્રાપ્ત થાય, જેથી સંપ અને સહકારથી સામૂહિક માનવ સમુદાયી જીવન સુખમય નીવડે અને સમાજ વ્યવસ્થા, વ્યવહાર સરળતાથી ચાલતા રહે. જો કોઈ માનવી મુશ્કેલી, તકલીફમાં કે દુઃખી હોય તો તેને મદદરૂપ થવું, તેની મુશ્કેલીઓ અને દુઃખ દૂર કરવા તે મોટામાં મોટી સેવા અને ધર્મ છે. આવું વિશ્વના દરેક ધર્મમાં પણ સમજાવાયું છે.

આમેય દરેક માણસમાં એક તરફ સ્વાર્થવૃત્તિ તો બીજી તરફ અન્યને મદદરૂપ થવાની ઈચ્છા હોય છે. દેખીતી રીતે આ વિરોધાભાસી વલણ નથી, પરંતુ આપણામાં રહેલી સારી-નરસી પ્રકૃતિનું પ્રતિબિંબ છે. સેવાની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે, પરંતુ જે પ્રવૃત્તિ આપણને 'સ્વ' તરફથી 'સર્વ' તરફ દોરી જાય છે તે સેવાકાર્ય છે. સેવા ધર્મને આપણા શાસ્ત્રોએ ગહન અને મુશ્કેલ ગણ્યો છે. કારણકે સ્વાર્થવૃત્તિના ખેંચાણથી મુક્ત થઈ અન્યના ભલામાં મારું ભલું છે તેવો ભાવ સ્થાયી કરવો એ કામ કપરું છે.

સેવા માટે જે કેટલાક ગુણોનો વિકાસ જરૂરી છે તે અંગે વિચાર કરીએ તો સ્પષ્ટ થાય છે કે સેવાનો ગુણ જન્મજાત હોય કે ન હોય, પણ માણસ ચિંતન, અનુકરણ, સંકલ્પ અને પુરુષાર્થ દ્વારા સેવામાર્ગે યાત્રા કરી જીવનની સાર્થકતાનો સમાજમાં સેવાનું મહત્ત્વ સ્વીકારી તેઓ પણ સેવાકાર્યમાં જોડાય તે માટે સાચી દિશા તરફ આંગળી ચીંધવી તે આપણું કર્તવ્ય છે. સેવાનું માધ્યમ વ્યક્તિને ગરિમા બક્ષે છે, જ્ઞાતિ કે સમાજને લાભ પહોંચાડે છે,સુખનો ગુણાકાર કરે છે, છેવાડાના માનવીનું જીવન ઉન્નત બનાવે છે અને જ્ઞાતિ કે સમાજને શક્તિશાળી બનાવે છે.

ખરી સેવા કરવા ઈચ્છતા વ્યક્તિમાં કેટલાક ગુણો હોવા જરૂરી છે. જે માનવી આ સેવામાર્ગની સફરને સફર બનાવવા ઈચ્છતા હોય તેઓમાં નીચેના સાત ગુણો હોવા જોઈએ.

(૧) સંવેદના (૨) સમભાવ (૩) સમતા (૪) સમર્પણ (૫) સાહજિકતા (૬) સંયમ અને (૭) સાદગી

ખરી સેવાની જેમ ખરું દાન કોને કહેવું તે વિશે પણ આપણા શાસ્ત્રોમાં ઘણું બધું કહેવાયું છે, જેનો સાર છે : આપીએ તો દરિદ્રને આપીએ. 'देवम् दीनजनाय च वितम।' ધરાયેલાને પકવાન આપો તેનો શો અર્થ ? આપણી જ્ઞાતિમાં અને સમાજમાં આજે પણ સેંકડો લોકોને પોતાનું ઘર નથી, કેટલાંય એવા છે કે જેના પરિવારને બે છેડા ભેગાં કરવામાં તકલીફ છે, કંઈ કેટલાય એવા છે કે જે કામ કરવા તૈયાર છે પણ એમને કોઈ કામ મળતું નથી. આપણા સમાજમાંથી આવી વ્યક્તિઓને શોધો જે આર્થિક સંકડામણને કારણે ભણવામાં તેજસ્વી હોવા છતાં આગળ ભણી શકતા નથી. બસ આવા લોકોના જીવનમાં દીપ પેટાવો. અસાધ્ય રોગથી પીડાતા કોકને એવું આશ્વાસન આપે કે તે સોનેરી સપનાં સેવતો સેવતો બાકીનું આયખું પૂરું કરે. આખાય જીવનમાં કોઈ પાંચ-સાતના જીવનને અજવાળી જાઓ ને તોય હું સમજું છું કે જીવન સાર્થક થયું.

ખરું દાન કોને કહીશું ? ગીતામાં આ પ્રશ્નનો જવાબ છે : ''પોતાના પર જેણે કશો જ ઉપકાર કર્યો નથી એવાને બદલાની આશા વગર યથાશક્તિ દાન આપીએ તે જ ખરું દાન છે.'' કુરાનમાં દાનનો મહિમા આ રીતે વર્ણવાયો છે : ''પ્રભુ પ્રીત્યર્થે ઉત્તમમાં ઉત્તમ વસ્તુનું દાન કરો, તમારે કામની ન હોય એવી વસ્તુનું નહીં, દાન પ્રગટને આપો એ સારું છે, પણ ગુપ્ત રાખીને જરૂરિયાતમંદને આપો તો એ વધારે સારું છે. કારણકે અલ્લાહ સર્વજ્ઞ છે, તમે શું કરો છો તે એ જાણે છે.

માણસ સુખશાંતિની ઝંખનામાં જ પોતાની બધી પ્રવૃત્તિઓ કરતો રહે છે. પૈસો, વૈભવ, સત્તા - આ બાબતો સુખ આપશે એમ માનીને તે આ બધું મેળવે છે પણ મેળવ્યા પછી ભાન થાય છે કે આનાથી તો અપેક્ષિત સુખ મળતું જ નથી. આ બધું જ હોવા છતાં સુખ શાંતિ તો દૂર જ રહે છે. છેવટે એ વાત સમજાય છે કે આપણા દ્વારા થોડું પણ અન્યને આપીએ - એ પછી પૈસાનું દાન હોય, સમય દાન હોય, જ્ઞાન કે વિદ્યાદાન હોય કે સહાનુભૂતિ અને આશ્વાસનનું દાન હોય - ત્યારે જે સુખ મળે છે તેની તોલે અન્ય કોઈ સુખ નથી આવતું.

આવો આપણે સૌ ખરી સેવા અને ખરું દાનના આ મહિમાને સમજીએ અને યથાશક્તિ મુજબ કોઈકના જીવનમાં દીપ પ્રગટાવીએ !!

- પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના

# શ્રી લોહાણા મહાપરિષદ .....
# સેવાના પગથારે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના પ્રમુખસ્થાને વર્તમાન ટર્મના ત્રણ વર્ષ અત્યંત સફળતાપૂર્વક સંપન્ન.



શ્રી લોહાણા મહાપરિષદના ૧૩મા પ્રમુખ તરીકે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે તા. ૪ જુલાઈ, ૨૦૧૫ ના રોજ ફન પોઈન્ટ ક્લબ અમદાવાદ ખાતે યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠકમાં પદભાર ગ્રહણ કર્યાને ત્રણ વર્ષ પૂર્ણ થતા તા.૪ જુલાઈ, ૨૦૧૮ ના રોજ શ્રી ભાગવત વિદ્યાપીઠ મુકામે ભગવાન શ્રીનાથજીના દર્શનનો લાભ લઈ આશીર્વાદ મેળવ્યા હતા. તા. ૫ જુલાઈ ૨૦૧૫ ના રોજ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકનો શપથવિધિ સમારોહ યુનિવર્સિટી કન્વેન્શન હોલ, અમદાવાદ ખાતે ભવ્યાતિભવ્ય રીતે યોજાયો સાથે સાથે વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રી તરીકે શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને ખજાનચી તરીકે શ્રી હિંમતભાઈ કોટકની નિમણૂંકો પણ જાહેર કરી જેની યાદગીરી તથા ૩ વર્ષમાં થયેલા વિવિધ સેવાકાર્યોના વિહંગાવલોકન માટે અમદાવાદ સ્થિત શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયની ટીમ, દાતાશ્રીઓ, હોદ્દેદારો અને સ્થાનિક સભ્યોનું એક સ્નેહમિલન તા. ૫ જુલાઈ, ૨૦૧૮ ના રોજ શ્રી ભાગવત વિદ્યાપીઠ મુકામે શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ ભવન ખાતે સાંજે ૯.૦૦ કલાકે યોજાયું. સુંદર રીતે નવીનીકરણ પામેલ આ યાત્રિક ભવનમાં તૈયાર થયેલા કોન્ફરન્સ રૂમને પણ માતૃસંસ્થાના ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી તથા સમાજ શ્રેષ્ઠી શ્રી રઘુરામભાઇ વસરામભાઇ ઠક્કરના હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું સાથે સાથે અન્ય હોલ અને રૂમોની પણ તમામ હોદ્દેદારશ્રીઓ તથા સમાજશ્રેષ્ઠીઓએ મુલાકાત લઈ ખૂબ જ ટૂંકા સમયમાં આ કામ મહદઅંશે પૂર્ણ કરવા બદલ સૌએ રાજીપો વ્યક્ત કર્યો હતો અને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ કાર્યક્રમમાં ગત ત્રણ વર્ષ દરમિયાન શિક્ષણ અને આરોગ્યની સાથે સાથે થયેલ અનેક સેવાકીય અને રચનાત્મક કાર્યોની આછેરી ઝલક આપી હતી. સાથે સાથે ઔપચારિક રીતે યોજાયેલ આ બેઠકમાં સર્વે હોદ્દેદારો અને દાતાશ્રીઓએ પોતપોતાના અનુભવ અને પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની ખૂબ જ સક્રિય એવી ટીમ અને લીડર શ્રી પ્રવિણભાઈ કોટકને અઢળક અભિનંદન પાઠવ્યા હતા.વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણીએ પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જે જે સમિતિ અને હોદ્દેદારો પોતાની ફરજના ભાગરૂપે જવાબદારી અદા નથી કરી શકતા તેના પરિણામે અંતત યશ કે અપયશ પ્રમુખશ્રીના ફાળે જતો હોય છે એટલે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં આગળ વધી રહેલી આ યાત્રામાં જે જે સભ્યો પોતાની જવાબદારીમાં ઉણપ દેખાય તેમણે ઘટતું કરવા અપીલ કરી હતી. માતૃસંસ્થાના પૂર્વ પ્રમુખ અને ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણીએ પણ કાર્યકર્તાઓને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, વૃક્ષ બનવા માટે બીજ બનીને દટાવું પડે છે. આ તબક્કે શ્રી યોગેશભાઈ લાખાણી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકને ત્રણ






વર્ષના અંતે નિયમિત ચાલતા સેવાકાર્યોની સાથે સાથે શ્રી ભાગવત વિદ્યાપીઠ મુકામે નવીનીકરણ પામેલા અતિથિ ભવનને ખૂબ મોટી સફળતા ગણાવી અભિનંદન પાઠવ્યા હતા. શ્રી યોગેશભાઈએ ઈતિહાસમાં ડોકિયું કરતાં માતૃસંસ્થાના પ્રથમ પ્રમુખ રાજરત્ન શેઠશ્રી નાનજી કાલિદાસ મહેતાને પણ યાદ કર્યા હતા અને સાથે સાથે ઈતિહાસના અધિવેશનોનો પણ ઉલ્લેખ કરી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના નેતૃત્વમાં સુંદર મજાનું જ્ઞાતિ અધિવેશન યોજાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી જેનો પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ સહર્ષ સ્વીકાર કર્યો હતો. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી સમાજ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી અને પોતાને મળેલી સમાજસેવાની આ તક બદલ ધન્યતા અનુભવી હતી. રમુજી શૈલીમાં તેઓએ જણાવ્યું હતું કે કોઈ પણ કાર્યના આરંભે આસપાસના સભ્યો અને હોદ્દેદારોના અને સમાજશ્રેષ્ઠીઓના હરહંમેશ પ્રોત્સાહન મળે છે પરંતુ જ્યારે શક્તિઓ ખર્ચવાની આવે છે ત્યારે ખૂબ મોટી ઉણપ વર્તાઈ આવે છે અને પ્રમુખના માથે અકલ્પનિય જવાબદારીઓ આવી પડે છે. હોદ્દાઓની બાબતમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, ઘણી વખત સમાજમાં સંગઠન ટકાવી રાખવા અને વૈમનસ્ય ટાળવા માટે પણ ઘણી બધુ નિમણૂંકોને જૈસે થે હાલતમાં કાયમ રાખવી પડતી હોય છે. આમ છતાં મહદઅંશે માતૃસંસ્થાના વિવિધ કાર્યક્રમો થકી સમાજમાં ખૂબ જાગૃતિ આવી છે અને સેવાના પણ સુંદર કામો થયા છે તેને જ્ઞાતિગંગાના આશીર્વાદ ગણાવ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં સુંદર મજાની કેક અને ત્યારબાદ વિવિધ સંસ્થાઓ અને સમાજશ્રેષ્ઠીઓ દ્વારા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને ટીમનું યથોચિત્ રીતે અભિવાદન કરવામાં આવેલ. લગભગ રાત્રે ૧૦.૦૦ કલાકે સૌ ભોજન - પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

**- હરીશ ઠક્કર, સંયુક્ત મંત્રી**








# શ્રી લોહાણા મહાપરિષદની વર્તમાન ટર્મની સપ્તમ્ કારોબારી બેઠક શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનના યજમાનપદે કોઈમ્બતુર મુકામે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન

તા.૨૪ જૂન, ૨૦૧૮ ના રોજ શ્રી ગુજરાત સમાજ ભવન, કોઈમ્બતુર ખાતે સવારે ૧૦.૩૦ કલાકથી બપોર ૩.૦૦ કલાક સુધી શ્રી લોહાણા મહાપરિષદની વર્તમાન ટર્મની સપ્તમ કારોબારી બેઠક પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને વરિષ્ઠ હોદ્દેદારોની ઉપસ્થિત શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનના યજમાન પદે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થઈ.







તા.૨૩ જૂન, ૨૦૧૮ ના રોજ દેશ અને વિદેશમાંથી શ્રી લોહાણા મહાપરિષદના પ્રતિનિધિઓ અનુકૂળ સમયે કોઈમ્બતુર આવી પહોંચ્યા હતા. બપોરે ૨.૦૦ કલાકે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને સાથે પધારેલા લગભગ ૪૦ જેટલા અન્ય હોદ્દેદારો અને સભ્યોનું કોઈમ્બતુર એરપોર્ટ પર શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કર અને કારોબારીની ટીમ દ્વારા અંતરના ઉમળકાથી સ્વાગત કરવામાં આવેલ.સહુ આમંત્રિત સભ્યોને વાહન વ્યવહારની સુંદર વ્યવસ્થાથી સુનિશ્ચિત ઉતારા સ્થળે લઈ જવાયા હતા અને ત્યાંથી ગુજરાતી સમાજ ભવન ખાતે બપોરે સુંદર ભોજન પીરસવામાં આવ્યું હતું. બપોરે ૪.૩૦ કલાકે શ્રી ગુજરાતી સમાજ ભવનના કોન્ફરન્સ હોલમાં શ્રી લોહાણા મહાપરિષદની મહિલા સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ સુશ્રી નીમાબેન આચાર્યના અધ્યક્ષસ્થાને મહિલા વિભાગની વિશેષ મીટીંગનું પણ આયોજન કરવામાં આવેલ. આ મીટીંગમાં સુશ્રી નીમાબેન આચાર્ય કે દક્ષિણ ભારતમાં મહિલા વિભાગ દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી મેળવી રાજીપો વ્યક્ત કર્યો હતો. દક્ષિણ ભારતના મહિલા વિભાગના અધ્યક્ષ સુશ્રી ધીરજબેન પોપટ, કોઈમ્બતુર મહિલા મંડળના પ્રમુખ સુશ્રી સાધનાબેન ઠક્કર તથા જ્યોતિબેન જોબનપુત્રાએ મીટીંગનું સુંદર સંકલન કરી મહિલાઓની કામગીરી અને વિચારોનું આદાનપ્રદાન કર્યું હતું. અત્રે કોઈમ્બતુર મુકામે ગુજરાતી સમાજ ભવન ખાતે કોઈમ્બતુર ગુજરાતી સમાજના પ્રમુખશ્રી હરીશભાઈ શાહ તથા મંત્રી શ્રી હરીશભાઈ કોઠારીને પણ સુ શ્રી નીમાબેન આચાર્ય અને સમગ્ર ટીમે શુભેચ્છા પાઠવી હતી.

શ્રી લોહાણા મહાપરિષદના પધારેલા તમામ સભ્યો બપોરે ૪.૩૦ કલાકે શ્રી પ્રવિણભાઈ કોટકની સાથે લગભગ ૩૦ કિ.મી. દૂર આવેલા ઈશા ફાઉન્ડેશન અને આદિ યોગીની મુર્તિની મુલાકાત લઈ ધન્યતા અનુભવી હતી. રાત્રે ૮.૩૦ કલાકે તમામ સભ્યો ફરીથી ગુજરાતી સમાજ ભવન ખાતે એકત્રિત થઈ ભોજનનો સુંદર આસ્વાદ માણ્યો હતો. રાત્રે ૯.૩૦ કલાકે કોઈમ્બતુર લોહાણા મહાજનના પાંચ વર્ષના નાના ભુલકાઓથી લઈ અને ૮૦ વર્ષના વૃદ્ધો સુધીનો સુભગ સમન્વય કરી











સુંદર રીતે કોરીયોગ્રાફ કરેલા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી સમાજ અધ્યાત્મ અને સંસ્કૃતિનું તાદશ ચિત્ર રજૂ કર્યું હતું. ઓડિયો વિઝ્યુઅલ ટેકનોલોજીના માધ્યમથી રજૂ થયેલ હનુમાન ચાલીસા, જલારામ સતબાવની અને રાધાકૃષ્ણના નૃત્યની પ્રતિકૃતિ અને ગુજરાતી ગરબાઓએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમમાં કલ્ચરલ કમિટિના કન્વીનર મનોહરબેન મજીઠીયા, ઓડિયો વિઝ્યુઅલ સાઉન્ડ સિસ્ટમ માટે જીનેશ દત્તાણી, કોરીયોગ્રાફીનું સુંદર કામ કરનાર રૂપલબેન તથા આખાય કાર્યક્રમનું સુંદર સંચાલન કરનાર જ્યોતિબેન જોબનપુત્રા તથા અન્ય સભ્યોની સંવેદનાસભર મહેનત રંગ લાવી હતી.



આ કાર્યક્રમની સાથે સાથે શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનના ૭૫ વર્ષથી વધુ ઉંમરના તમામ વડીલોને મહાજનશ્રીના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે યાદ કરી તેમનું સન્માન કરી તેમના આશીર્વાદ સૌએ મેળવ્યા હતા. આ તબક્કે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પણ દૂર દૂરથી પધારેલા સર્વે હોદ્દેદારોનું શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન દ્વારા દક્ષિણ ભારતના વિશેષ વસ્ત્રથી સ્વાગત કરવામાં આવ્યું હતું. લગભગ રાત્રે ૧૨.૩૦ કલાકે સુંદર યાદગીરી સાથે કાર્યક્રમ પૂર્ણ થયે સૌ છૂટા પડ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી શ્રી રઘુવીરભાઈ ગઢિયા તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોને તૈયાર કરવામાં સુંદર કોરીયોગ્રાફી બદલ મહિલાઓને માતૃસંસ્થા તરફથી દીપ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



તા.૨૪ જૂન, ૨૦૧૮ ના રોજ સવારે અલ્પાહાર અને રજિસ્ટ્રેશન બાદ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને વરિષ્ઠ હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય અને ભાવવંદનાથી બરાબર ૧૦.૩૦ કલાકે રઘુવંશી ધ્વજવંદન ગીત ગાન દ્વારા કારોબારી સમિતિની સભાની શરૂઆત કરવામાં આવી. આ સમિતિની સભાના સંચાલનની જવાબદારી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરને સોંપાતા ઉદ્દઘોષક શ્રી હરીશભાઈ ઠક્કરે યજમાન મહાજનના પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને હોદ્દેદારોને સાથે લઈ મંચસ્થ થવા અનુરોધ કર્યો હતો. પ્રમુખ શ્રી, વરિષ્ઠ હોદ્દેદારો, વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ તથા સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રીઓએ મંચને જાજરમાન બનાવ્યો હતો. યજમાન સંસ્થા શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરે સ્વાગત પ્રવચન કરી હૃદયની લાગણીઓ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ મહાજનશ્રીના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે









કોઈમ્બતુરના આંગણે છે ત્યારે તેને મહાજનનું સદ્ભાગ્ય ગણાવી સુવર્ણ જયંતિ ઉજવણી વર્ષની યાદગીરીને સાર્થક ગણાવી હતી. શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન દ્વારા તેમજ દક્ષિણ ભારત લોહાણા સમાજ દ્વારા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક અને વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરનું પુષ્પગુચ્છ તથા દક્ષિણ ભારતના ખાસ વસ્ત્ર અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે શ્રી લોહાણા મહાપરિષદના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે પણ શ્રી લોહાણા મહાપરિષદ વતી સૌને આવકાર્યા હતા અને શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન કે જ્યાં ફક્ત ૧૧૦ લોહાણા પરિવારો છે તેમણે શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની સભાના યજમાન બની પોતાની દિલેરીનો પરિચય આપ્યો છે તેમ જણાવી પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કર અને સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.





પ્રણાલિકા અનુસાર શ્રી હરીશભાઈ ઠક્કરે ગત છ માસમાં સમાજે જે જે શ્રેષ્ઠીઓ ગુમાવ્યા છે અને માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર જેમની જાણ મળી છે તે તમામ દિવંગતોના નામનું વાંચન કરી બે મિનિટ શાંતિપાઠ દ્વારા સદ્ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. તદ્ઉપરાંત આ મીટિંગમાં શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યો જે તે કારણસર ઉપસ્થિત નથી રહી શક્યા અને માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલય પર ઈમેલ કે પત્રથી જાણ મળેલ છે તે તમામનો નામોલ્લેખ કરી રજા મંજૂર કરવા માટે સભાની બહાલી મેળવી હતી. ત્યારબાદ એજન્ડા અનુસાર મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ગત્ કારોબારી મીટીંગ એટલે કે તા.૭ જાન્યુઆરી, ૨૦૧૮ ના રોજ રાજકોટ મુકામે યોજાયેલ કારોબારી સમિતિની બેઠકની મિનિટ્સનું વાંચન કર્યું હતું અને સભાની બહાલી મેળવી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના હસ્તાક્ષર મેળવ્યા હતા. ત્યારબાદ એજન્ડા નં. ૭ અનુસાર ગત નાણાંકીય વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૭-૧૮ના શ્રી લોહાણા મહાપરિષદ અને રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટના ઓડિટેડ હિસાબો ઓડિટર શ્રી વસંતભાઈ અનારકટે રજુ કર્યા હતા અને સભાની બહાલી મેળવી હતી.





આગામી એજન્ડા અનુસાર ભાગવત વિદ્યાપીઠનો અહેવાલ રજૂ કરતાં મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, પૂજ્ય કૃષ્ણશંકર દાદાજીની તપોસ્થલી એવી ભાગવત વિદ્યાપીઠમાં સંપૂર્ણ આધુનિક વ્યવસ્થાઓથી સજ્જ એવા અતિથિ નિકેતનનું સ્વપ્ન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના વિશેષ પ્રયત્નો તેમજ શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ તથા શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી જેવા સમાજશ્રેષ્ઠીઓના સમર્પણથી શક્ય બન્યું છે. આ પ્રોજેક્ટમાં મુખ્ય દાતા શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ હોવાથી આ પ્રોજેક્ટ શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ નિકેતનના નામે અંકિત થશે તેમજ બીજી વિંગનું પણ સંપૂર્ણ કામ પૂર્ણ થયેલ હોવાથી લગભગ ૪૦ જેટલા રૂમો તેમજ બે હોલ જ્ઞાતિ સેવામાં ખૂલ્લા મુકાયેલ છે. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના વર્તમાન ટર્મના ત્રણ વર્ષ દરમ્યાન સાકાર થયેલ આ પ્રોજેક્ટ ભારતભરમાંથી ગુજરાતમાંથી પસાર થતા કે અન્ય કામે અમદાવાદ આવતા સમાજના સભ્યો માટે આશીર્વાદરૂપ સાબિત થશે તેમ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવ્યું હતું. વ્યવસ્થાપક કમિટી દ્વારા અત્રે એ.સી. અને ગીઝર સાથેના રૂમના ચાર્જ રૂા. ૯૫૦/- તેમજ મહાજનશ્રીની ભલામણથી આરોગ્ય કે અન્ય સામાજિક કાર્યે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારને નિઃશુલ્ક રૂમ ફાળવવા માટે ઠરાવાયું હતું. ભાગવત વિદ્યાપીઠની સાથે સાથે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે માતૃસંસ્થાની શિક્ષણ, આરોગ્ય, થેલેસેમિયા અને અન્ય વિવિધ સેવાકીય તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓની સુંદર રીતે સૌને માહિતી આપી સંસ્થાના વિસ્તાર બદલ સૌ પ્રભાવિત થયા હતા.





ઉદ્‌ઘોષક શ્રી હરીશભાઈ ઠક્કરે ત્યારબાદ એજન્ડા અનુસાર તમામ વિભાગના ઉપપ્રમુખશ્રીઓને પોતપોતાના કાર્યક્ષેત્રમાં થયેલી પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરવા અપીલ કરતાં સૌપ્રથમ મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કરે પોતાના વિસ્તારમાં ૭ જેટલા વિભાગો કે પ્રદેશમાં વિભાજન કરી મહાજનશ્રીઓના ક્લસ્ટર બનાવી તેમને ઓછામાં ઓછા ૩ જેટલા કાર્યક્રમો કે પ્રસંગોની ઉજવણી કરવા માટે નિર્દેશ કરાયા હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત વસ્તી અનુસાર વર્ગીકરણ કરી ૫૦ થી ઓછા ધરાવનાર ગામો કે વિસ્તારો, ૫૦ થી વધારે અને ૧૫૦ થી ઓછા, ૧૫૦ થી વધારે તેમજ ૫૦૦ થી વધારે એમ વિવિધ તબક્કામાં મહાજનશ્રીઓના વર્ગીકરણ કરી તેમને અનુકૂળ કાર્યશૈલી માટે માર્ગદર્શિકા તૈયાર કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

દક્ષિણભારત વિભાગના ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ સાગલાણીએ જણાવ્યું હતું કે, દક્ષિણ ભારતમાં સૌથી મોટો વિસ્તાર એટલે કે કુલ છ રાજ્યો મળી અંદાજે ૧૮૦૦ જેટલા પરિવારો વચ્ચે સુસંકલન કરી વિવિધ પ્રસંગોની ઉજવણી સુંદર રીતે કરવામાં આવે છે. દક્ષિણ ભારત લોહાણા સમાજ પણ એક સુંદર મજાનું માધ્યમ બની આ પ્રકારના કાર્યોને ગતિ આપે છે તેમ તેમણે જણાવ્યું હતું.





સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર વિભાગમાં નિયમિત રીતે શ્રી લોહાણા મહાપરિષદના હોદ્દેદારોની મુલાકાત અને વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિતિથી શ્રી લોહાણા મહાપરિષદ પ્રત્યે ખૂબ જાગૃતિ આવી છે અને પોતાની માતૃસંસ્થા પ્રત્યેનું ગૌરવ વધ્યું છે.

વિદર્ભ સહ મધ્ય ભારતના ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ જણાવ્યું હતું કે, શ્રી લોહાણા મહાપરિષદના તત્વાધાનમાં મહિલા સંમેલન, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિશાળ પાયે વૃક્ષારોપણના કાર્યક્રમો થકી વિશેષ જાગૃતિ આવી છે.પોતાની ટીમના સભ્યશ્રીઓ શ્રી અજયભાઈ વડેરા, શ્રી પ્રમોદભાઈ પટેલિયા, શ્રી કમલેશભાઈ મિરાણી તથા સમગ્ર ટીમને સતત જાગૃત રહી પોતાના સંકલ્પોમાં સતત સહયોગ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ સમાજની આર્થિક સધ્ધરતા માટે ફક્ત રોજના રૂા. ૧૦નું અનુદાન લઈ ફંડ રેઈઝીંગ માટે જરૂરિયાતમંદ પરિવારોને મદદ કરવા માટે એક યોજના રજૂ કરી હતી જેને પણ સૌએ અનુમોદન આપ્યું હતું.

ગુજરાત વિભાગના ઉપપ્રમુખ શ્રી ઠાકોરભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, શ્રી લોહાણા મહાપરિષદની આ વણથંભી સેવાયાત્રાએ સૌને પ્રભાવિત કર્યા છે અને વર્તમાન ટર્મમાં શ્રી પ્રવિણભાઈ કોટક અને શ્રી હિમાંશુભાઈ ઠક્કરની રામલખન જેવી જોડી આ સમાજને મળી છે જે આ વિકાસ પાછળની મોટી સફળતા છે.

ત્યારબાદ મહિલા વિભાગના અધ્યક્ષ ડો. નીમાબેન આચાર્યે પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. શિક્ષણ, આરોગ્ય અને વિધવાઓને સહાય માટે સરકારી યોજનાઓનો મહત્તમ લાભ સમાજના છેવાડાના વર્ગ સુધી પહોંચે તે માટે સુસંગત માળખું ગોઠવી માર્ગદર્શક શિબિરો થકી  સ્થાનિક કક્ષાએ આ બાબતે જાગૃતિ લાવવા અનુરોધ કર્યો હતો. સાથે સાથે દરેક પ્રદેશમાં સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરમાં પણ આપણા સમાજના વધુ ને વધુ સભ્યો લાભ લે તે માટે સૌને પ્રયત્નશીલ રહેવા અનુરોધ કર્યો હતો.

યુવા વિભાગના અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરાએ પોતાના ઉદ્બોધનમાં સિધ્ધપુર મુકામે આયોજિત થયેલ યુવા સંમેલનને યાદગાર જણાવી આ સંમેલનમાં પોતાની શક્તિઓનો સદ્‌પયોગ કરનાર તમામ સભ્યોનો આભાર માન્યો હતો આવનારા દિવસોમાં ક્રિકેટ ટુર્નામેન્ટ અને અન્ય રમતગમત પ્રતિયોગિતાની સાથે સાથે રાષ્ટ્રીય કક્ષાનો યુવા સંમેલન યોજવા માટે પણ કટિબદ્ધતા વ્યક્ત કરી હતી અને દરેક વિભાગના યુવા અધ્યક્ષશ્રીઓ સાથે વાતચીત કરી આગામી સમયમાં આ સંમેલનને આખરી સ્વરૂપ આપી તેની જાહેરાત શ્રી રઘુકુળ વિશ્વના માધ્યમથી કરવાનું પણ તેમણે જણાવ્યું હતું. ત્યારબાદ  આફ્રિકા દાર-એ-સલામથી ખાસ પધારેલા શ્રી નવીનભાઈ કાનાબારે પણ શ્રી લોહાણા મહાપરિષદની વર્તમાન પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈ જે રીતે કાર્ય ચાલી રહ્યું છે તે બદલ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. ડિસેમ્બર માસમાં દાર-એ-સલામ મુકામે યોજાનાર સ્પોર્ટ્સ ફેસ્ટીવલમાં પણ સૌને પધારવા માટે રૂબરૂ નિમંત્રણ પાઠવ્યું હતું અને જણાવ્યું હતું કે શ્રી લોહાણા મહાપરિષદનું પ્રતિનિધિ મંડળ હાજરી આપે તેનાથી આફ્રિકા અને શ્રી લોહાણા મહાપરિષદના સંબંધો વધુ ગાઢ બનશે. મસ્કત, ઓમાનથી ખાસ પધારેલા શ્રી દિનેશભાઈ પવાણીએ પણ ગત્ વર્ષે માતૃસંસ્થાના પ્રતિનિધિ મંડળની થયેલી ઓમાનની મુલાકાતથી મસ્કતમાં વસતા રઘુવંશી પરિવારોમાં પણ ખૂબ જાગૃતિ આવી અને સેવાનો ભાવ વધ્યો હોવાનું જણાવ્યું હતું. શ્રી દિનેશભાઈએ પણ અનુકૂળતાએ ઓમાનને ફરીથી લાભ આપવા માટે વિનંતી કરી હતી.શ્રી દિનેશભાઈ પવાણીએ મસ્કત રઘુવંશી પરિવાર વતી શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે મેમેન્ટો અને શાલથી શ્રી દિવ્યેશભાઈ ઠક્કરનું બહુમાન કર્યું હતું. સાલેમથી પધારેલા શ્રી પ્રવિણભાઈ તથા સભ્યોએ પણ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરનું મેમેન્ટોથી બહુમાન કર્યું હતું.







ઉદ્દઘોષક શ્રી હરીશભાઈ ઠક્કરે હોદેદારોના અહેવાલની આ યાત્રામાં વચ્ચે જ શ્રી પ્રવિણભાઈ કોટકને વિનંતી કરી ઉદ્દબોધન માટે આવકાર્યા હતા. શ્રી પ્રવિણભાઈ કોટકે કોઈમ્બતુરની આસપાસ આવેલી નાળિયેરીને યાદ કરી ઊંચાઈ પર લાગેલા નાળિયેરના પાણીની મીઠાશ જેવી જ મીઠાશનો આસ્વાદ શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજને પીરસ્યો છે તે બદલ શ્રી દિવ્યેશભાઈ ઠક્કર તથા સમગ્ર ટીમને તેમણે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના માધ્યમથી થઈ રહેલા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અંગે પણ સૌને માહિતગાર કરતાં પોતાની ટીમના સભ્યોને યશ આપ્યો હતો. શેરો શાયરીના અંદાજમાં થયેલી લાગણીસભર રજૂઆતને સમગ્ર સભાએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.



ઉદ્દબોધનો અને અહેવાલનો દોર ચાલુ રાખતા સૌ પ્રથમ શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ જરૂરિયાતમંદ પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓને રૂા. ૧,૦૦,૦૦૦/-ની મર્યાદામાં અપાતી શૈક્ષણિક સહાય, સ્કોલરશિપ યોજના તથા સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનોમાં યુપીએસસી જેવી સરકારી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગીદારી વધે તથા કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે અમદાવાદ મુકામે ચોક્કસ કાર્યક્રમોની જાણકારી આપેલ તેમજ આવનારા દિવસોમાં આ કાર્યક્રમો વધુ ને વધુ વિવિધ પ્રદેશોમાં થાય તે માટે અપીલ કરી હતી. શિક્ષણનિધિ માટે સતત ચાલતી આ સેવાકીય પ્રવૃત્તિઓમાં સૌ જ્ઞાતિશ્રેષ્ઠીઓને પણ તેમણે ઉદાર હાથે સહયોગ આપવા માટે અપીલ કરી હતી. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ છેલ્લાં ત્રણ વર્ષમાં લગભગ ૨૫૦ જેટલા કાર્યક્રમો થયા હોવાનું જણાવી પર્યાવરણ સમિતિના સભ્યો માટે ગૌરવની લાગણી અનુભવી હતી. શ્રી કિરીટભાઈએ જણાવ્યું હતું કે, જીવન ઉત્કર્ષ માટેના જરૂરી વિષયો જેવાં કે ''વૃક્ષો વાવો, ધરતી બચાવો...'', ''વીજળી બચાવો.. પાણી બચાવો... અન્ન બચાવો....'' જેવા વિષયોથી વિવિધ રચનાત્મક કાર્યક્રમો દ્વારા સમાજના યુવાધન અને મહિલાઓને સાથે જોડી પર્યાવરણ સમિતિ દ્વારા સંગઠનનું ખૂબ મોટું કામ થઈ શકે તેમ હોવાથી તમામ મહાજનશ્રીઓને પણ આ દિશામાં ઘટતું કરવા અપીલ કરી હતી. સાથે સાથે રમૂજી શૈલીમાં વાણી બચાવોની પણ ટહેલ કરી ખૂબ જ ટૂંકમાં પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.





ત્યારબાદ પ્રોફેશનલ સમિતિના અધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયાએ સમગ્ર ભારત અને વિશ્વના પ્રોફેશનલ રઘુવંશી ભાઈ-બહેનોને એકસૂત્રે સાંકળવા માટે સુંદર યોજના રજૂ કરી તેની સફળતા માટે સભામાંથી સુચનો મેળવવા માટે અપીલ કરી હતી અને આગામી એક માસમાં પોતપોતાના મંતવ્યો શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય પર મોકલી આપવા પણ જણાવ્યું હતું. ત્યારબાદ રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયાએ રમતગમત સમિતિની પ્રવૃત્તિઓ અંગે મહાજનશ્રીઓને અપીલ કરતું સાહિત્ય પણ સૌને પ્રસ્તુત કર્યું હતું અને આગામી વર્ષમાં દર વર્ષે યોજાતી માતૃશ્રી પાર્વતીબેન નરસીદાસ કાથરાણી રાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટની સાથે સાથે ચેસ અને કેરમ જેવી ઈન્ડોર રમતોને પણ સાંકળી લેવા માટે કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.



અત્રે શ્રી લોહાણા મહાપરિષદની વાત્સલ્ય સમિતિ દ્વારા સર્વે મહાજનશ્રીઓને મેડિકલ કીટ મળે તે માટેની યોજના



જાહેર કરી હતી. આ પ્રસ્તાવને અંતર્ગત મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે યોજનાની વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, જે તે પરિવારના ઘરે આકસ્મિક માંદગીના લીધે જરૂર પડે તેવા લગભગ ૨૫ જેટલા સાધનોની કિટ કે જેની બજારકિંમત અંદાજે ૨૫,૦૦૦ જેટલી થવા જતી હોય છે તેવી તમામ ચીજવસ્તુઓ સ્થાપિત મહાજનો અને રજીસ્ટર્ડ સંસ્થાઓ કે જેમની પાસે મહાજનવાડી, સત્સંગ ભવન, બાળાશ્રમ કે મંદિરમાં રાખવાની વ્યવસ્થા કે અવકાશ હોય ત્યાં આવી આકસ્મિક જરૂરિયાતની વસ્તુઓ વસાવવા માટે અનુરોધ કરાયો હતો. આ અંગે જે તે મહાજનશ્રી કે રજીસ્ટર્ડ સંસ્થા આ ચીજવસ્તુઓ મેળવવા માંગતા હોય તેમણે મહાજનશ્રીના લેટરહેડ પર આ કીટ મેળવવા ઈચ્છુક હોવાની અરજી અધ્યક્ષ / કન્વીનર, વાત્સલ્ય સમિતિ શ્રી લોહાણા મહાપરિષદના નામે અરજી અને રૂા. ૫૧૦૦/- નો ચેક શ્રી લોહાણા મહાપરિષદના નામે (ફક્ત મહાજન કે સંસ્થાના એકાઉન્ટમાંથી મળેલો ચેક જ માન્ય રહેશે.) લખી મોકલવા જણાવાયું હતું. આ યોજનામાં દર કિટે રૂા. ૧૧,૦૦૦/- શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ઉમેરાયા હોવાની જાહેરાત થતાં આ કિટમાં સહભાગી થવા આ યોજનાના કન્વીનર તરીકે જાહેર કરાયેલ શ્રી પી.જી. ઠક્કરે એક કિટ માટે રૂા. ૧૧,૦૦૦/- નું અનુદાન જાહેર કર્યું હતું ત્યારબાદ આ કિટ માટે રૂા. ૧૧,૦૦૦/- ના સૌજન્ય તરીકે શ્રી નરેશભાઈ પૂજારા - અંકલેશ્વર, શ્રી જીતુભાઈ પૂજારા - અમદાવાદ, શ્રી વસંતભાઈ અનારકટ - અમદાવાદ, શ્રી દિનેશભાઈ પવાણી - મસ્કત, શ્રી પ્રફુલભાઈ સેજપાલ - કુન્નુર, શ્રી ભદ્રેશભાઈ ઠક્કર - હૈદરાબાદ, શ્રી કમલેશભાઈ વસાણી - નાગપુર, શ્રી રશ્મિકાન્ત ઠક્કર - અમદાવાદ, શ્રી દિવ્યેશ જયશ્રી રાયચુરા, શ્રી જ્યોતિબેન કિર્તનકુમાર જોબનપુત્રા, શ્રી મિતાબેન શાહ - અમદાવાદના નામો જાહેર થયા હતા. વાત્સલ્ય સમિતિના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ગઢિયા તેમજ ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકના સીધા માર્ગદર્શન હેઠળ શરૂ થઈ રહેલ આ પ્રોજેક્ટમાં શ્રી જીતુભાઈ ઠક્કર તેમજ શ્રી પી.જી. ઠક્કરે આ યોજનાનો લાભ મહત્તમ મહાજનશ્રીઓ અને સંસ્થાઓ દ્વારા લેવાય તે માટે અપીલ પણ કરી હતી. અત્રે અમદાવાદથી પધારેલ શ્રી લોહાણા મિલન સંસ્થાના ગવર્નર શ્રી જીતુભાઈ ઠક્કરે શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનની ટીમને પણ અમદાવાદ પધારવા માટે ખાસ આમંત્રણ પાઠવ્યું હતું.



લગ્નવિષયક સમિતિના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દાવડાએ પણ સમયના અભાવે પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી અને દક્ષિણ ભારતમાં યુવાન દિકરા-દિકરીઓના વિવાહિક સંબંધો વિશેષ ચિંતાનો વિષય હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ શ્રી પ્રવિણભાઈ કોટકે સમયસર અને સુંદર વાતાવારણમાં સૌ સભ્યોના સાથ સહકારથી સુંદર રીતે સંપન્ન થઈ રહેલી કારોબારી સમિતિની સભા બદલ પોતાનો સમય અને શક્તિનો ભોગ આપીને દુરદુરથી પધારેલા સૌ સભ્યોનો આભાર માન્યો હતો અને યજમાન શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજનને પણ અઢળક અભિનંદન પાઠવ્યા હતા તથા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરને મેમેન્ટો અને ખેસ અર્પણ કરી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી પ્રવિણભાઈ કોટકે અનિવાર્ય સંજોગોને કારણે અનુપસ્થિત રહેલ ટ્રસ્ટી મંડળના સભ્યોનો પણ શુભેચ્છા સંદેશનો ઉલ્લેખ કરી સભાને સમગ્ર ટ્રસ્ટીમંડળ વતી શુભેચ્છા પાઠવી હતી.



લગભગ બપોરે ૩.૩૦ કલાકે ઉદ્‌ઘોષક શ્રી હરિશભાઈ ઠક્કરે પ્રમુખશ્રીની



મંજૂરીથી સભાને પૂર્ણ થયેલી જાહેર કરી હતી. સૌ સભ્યોએ સુંદર મજાનું ભોજન પ્રસાદ માણી અનુકૂળતા અનુસાર મીઠી યાદગારી સાથે ગંતવ્ય સ્થાને / પર્યટન સ્થળે જવા પ્રયાણ કર્યું હતું.

આ સમગ્ર આયોજનમાં યજમાન મહાજન દ્વારા કોર કમિટીમાં શ્રી અશ્વિનભાઈ ઠક્કર, સુશ્રી જ્યોતિબેન ક્રિશ્નકુમાર, સુશ્રી હર્ષિદાબેન રાયચુરા, શ્રી પ્રવિણભાઈ પૂજારા (બાબા), શ્રી ચેતનભાઈ પૂજારા, સ્વાગત સમિતિના શ્રી સુરેશભાઈ ગોકુલદાસ, શ્રી પ્રતાપભાઈ ગોકુલદાસ, શ્રી વિનોદભાઈ ઠક્કર, શ્રી સુરેશભાઈ મંગલદાસ, સુ શ્રી સાધનાબેન મંગલદાસ, સુ શ્રી વંદનાબેન અરૂણ ગોકુલદાસ, સુશ્રી ઉમાબેન પૂજારા, શ્રી પ્રફુલભાઈ સેજપાલ, વહીવટી સમિતિના શ્રી વિજયભાઈ પોપટ, શ્રી મનોહરભાઈ મજેઠીયા, શ્રી રાજેશભાઈ મોદી, શ્રી ભાસ્કરભાઈ પવાણી, શ્રી ક્રિશ્નકુમાર દયાલજી, ઉતારા સમિતિમાં શ્રી જિનેશભાઈ દત્તાણી, શ્રી સુર્યકુમાર ચોટ્ટાની, શ્રી પિયુષભાઈ ઠક્કર, શ્રી વિજયભાઈ રાડિયા, શ્રી મિહિર ક્રિશ્નકુમાર વાહનવ્યવહાર સમિતિમાં શ્રી પ્રથિકભાઈ ઠક્કર, શ્રી નૈનેશભાઈ તન્ના, શ્રી બિમલભાઈ ચોલેરા, શ્રી હિરેનભાઈ ઠક્કર, શ્રી ભૂપેશભાઈ સામાણી, શ્રી આનંદભાઈ પવાણી, શ્રી ભરતભાઈ તન્ના, શ્રી દેવાંગભાઈ ઠક્કર, શ્રી હિતેનભાઈ પૂજારા, શ્રી હિતેશભાઈ પોપટ, શ્રી મિહિરભાઈ મોદી, શ્રી વિરાટભાઈ પોપટ, શ્રી હેમાંશુભાઈ ઠક્કર, શ્રી વિમલ રાડિયા, શ્રી ઉમેશભાઈ રાડિયા, પ્રચાર અને પ્રસાર સમિતિના શ્રી હિતેનભાઈ પોપટ, રજિસ્ટ્રેશન સમિતિના શ્રી અશોકભાઈ રાડિયા, શ્રી હેમંતભાઈ ઠક્કર, સુશ્રી રેણુકાબેન ભોજાણી, સુશ્રી આરતીબેન રાડિયા, સુશ્રી સુરભીબેન ઈન્દ્રા, સુશ્રી વેનુ મોદી, સુશ્રી ઋત્વી ચોટ્ટાની, સુશ્રી રિધ્ધિ ખાંટ, સુશ્રી પ્રવિણા વિજય રાડિયા, શ્રી પ્રકાશભાઈ મજેઠીયા, શ્રી નિરંજનભાઈ ઠક્કર, કેટરીંગ સમિતિમાં શ્રી હેમંતભાઈ ખાંટ, શ્રી કમલેશભાઈ મોદી, શ્રી નિકુંજભાઈ ગણાત્રા, ભરતભાઈ તન્ના, સુશ્રી દિવ્યા ઠક્કર, સુશ્રી ભાવના તન્ના, સુશ્રી લતા અહિયા, સુશ્રી ગીતા ખાંટ તથા અનુપ સુંદરાની, સ્થળ સજાવટમાં શ્રી સચિન કોટેચા, સુશ્રી પલ્લવી કોટેચા, સુશ્રી દિપીકા પવાણી, સુશ્રી દિપા સામાણી, સુશ્રી પલ્લવી મજીઠીયા, સુશ્રી પન્ના મજીઠીયા, સુશ્રી કાજલ મજીઠીયા, શ્રી અનુપ સુંદરાણી, શ્રી નરેન્દ્ર રૂપારેલિયા, સાંસ્કૃતિક સમિતિમાં સુશ્રી રૂપલ ઠક્કર, સુશ્રી મીતા ઠક્કર, સુશ્રી પલ્લવી કોટેચા, સુશ્રી સાધના રાયચુરા, સુશ્રી બીના ઈન્દ્રા, સુશ્રી સીમા રાડિયા, સુશ્રી રૂપલ મોદી, સુશ્રી હેમાંગી ખાંટ દર્શનીય સ્થળોની મુલાકાતના સંકલન સમિતિમાં શ્રી મનોહર મજીઠીયા, સુશ્રી જીજ્ઞા ચેતન પુજારા - તીરૂપુર, શ્રી દિપક દાવડા, સુશ્રી હિના કોટેચા, સુશ્રી સાધના રાયચુરા, સુશ્રી શીતલ પોવાણી, સુ શ્રી રીચા તન્ના, સુશ્રી પલ્લવી મજીઠીયા, સુશ્રી પન્ના મજીઠીયા, સુશ્રી કાજલ મજીઠીયા, સુશ્રી તેજલ મજીઠીયા, સુશ્રી પુજા મજીઠીયા, શ્રી ધવલ ચોલેરા તથા સમગ્ર ટીમના સુંદર સંકલનથી કાર્યક્રમની સફળતાને ચાર ચાંદ લાગ્યા હતા.

**- મધ્યસ્થ કાર્યાલય**



## મુંબઈ સહ મહારાષ્ટ્ર

# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગની કાર્યકારિણી બેઠક







તા. ૧૬ જૂન, ૨૦૧૮ ને શનિવારના રોજ શ્રી લોહાણા મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરના અધ્યક્ષસ્થાને અને શ્રી હાલાઈ લોહાણા મહાજન મુંબઈના પ્રમુખ શ્રી સતીષભાઈ દત્તાણીના યજમાનપદે શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ કાંદિવલી ખાતે એક દિવસીય કાર્યકારિણી બેઠક મળી. સભામાં મુંબઈ, નવી મુંબઈ અને સમસ્ત કોંકણ વિભાગ, પૂના, નાશિક, પશ્ચિમ મહારાષ્ટ્ર અને અન્ય વિભાગના મહાજનશ્રીના પ્રમુખશ્રી અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ મીટિંગમાં સર્વે ઉપસ્થિત સભ્યોએ પોતપોતાના મંતવ્યો આપી શ્રી લોહાણા મહાપરિષદની કાર્યપ્રવૃત્તિઓથી વધુ ને વધુ પરિવારો લાભાન્વિત બને અને નવી પેઢીના સભ્યો પણ સંસ્થા સાથે જોડાય તે માટે સૌએ કટિબધ્ધતા વ્યક્ત કરી હતી. યુવાન સભ્યો સુધી શ્રી લોહાણા મહાપરિષદના વિચારો પહોંચાડવા અંગ્રેજી ભાષામાં પણ કોઈ ને કોઈ પ્રકારે સાહિત્યનું સર્જન થાય ઉપરાંત યુવાઓને સાંકળવા માટે ચોક્કસ પ્લેટફોર્મ તૈયાર થાય તે વિષયો ઉપર મહત્તમ ચર્ચા કરાઈ હતી.


અખિલ મહારાષ્ટ્ર સ્તરે લગભગ ૨૦૦થી અધિક મહાજનો અને સંસ્થા વચ્ચે સંગઠન સેતુ દ્વારા જ્ઞાતિના ઉત્કર્ષ માટે વિવિધ યોજનાઓની રૂપરેખા ઘડી કાઢવાની રજુઆત કરતા અધ્યક્ષશ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરે જણાવતા કહ્યું હતું કે આગામી ફેબ્રુઆરી માસ ૨૦૧૯ ના સમયે નાસિક ખાતે મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના તમામ મહાજનો અને સંસ્થાઓના વિભાગીય સંમેલનના આયોજનની શરૂઆત કરી હતી જેને ઉપસ્થિત તમામ સભાસદોએ બહાલી આપી હતી.

સભાનું માર્ગદર્શન કરવા માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રઘુવંશ ગાથા પ્રાર્થના અને પરસ્પર પરિચય વિધિ બાદ સભાની શરૂઆત કરતા સહમંત્રી શ્રી પિયુષભાઈ ગંઠાએ અખિલ મહારાષ્ટ્રના અધિવેશનની ભૂમિકા રજૂ કરી હતી.

ઉપસ્થિત પ્રતિનિધિઓને અધિવેશન આયોજન સંદર્ભે પોતાના મંતવ્યોમાં રજુ કરવા સર્વ પ્રથમ નવી મુંબઈ શ્રી લોહાણા સમાજના ટ્રસ્ટી શ્રી હિંમતભાઈ સોમૈયાએ આયોજન અંગેની પૂર્વ તૈયારીમાં જણાવ્યું હતું કે સાત વિભાગીય ઝોનલમાં અધિવેશન અવેરનેસ માટે સંમેલનના આયોજનો ગોઠવવા જોઈએ અને સન ૧૯૭૮-૧૯૭૯ સમયે કચ્છ ખાતે આયોજીત ચતુર્થ અધિવેશનના મંચ પર મુરબ્બી શ્રી મંગુભાઈ દત્તાણી સાહેબે રજુ કરેલી જ્ઞાતિ સંગઠનની જરૂરિયાતની બાબતો પર ખાસ ધ્યાન આપવા ભલામણ કરી હતી અને મહારાષ્ટ્ર સ્તરે અગાઉ સન ૧૯૯૩માં શ્રી મહેન્દ્રભાઈ કલ્યાણજી ઘેલાણી સાહેબના અધ્યક્ષસ્થાને આયોજિત અખિલ મહારાષ્ટ્રના મહાજન-સંસ્થાઓના અધિવેશનની યાદો તાજી કરી હતી. શ્રી શંભુભાઈ હરિયાણી, શ્રી તરૂણભાઈ લાલાઈ, એ શ્રી કેતન પોપટ, ડૉ. પ્રવિણ દૈયા, શ્રી નીતીનભાઈ પાંધી, ડૉ. સુરેશ પોપટ, શ્રીમતિ વાસંતિબેન ગોકાણી, શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રીમતી મીનાબેન ઠક્કર, શ્રી નિખિલભાઈ સુબા, શ્રી જયેન્દ્રભાઈ, બિપીનભાઈ નાસિક, શ્રી ધવલભાઈ, શ્રી દિલીપભાઈ કોટક અને શ્રી પંચમતિયા સાહેબ - પૂના, શ્રી રાજેશભાઈ કાકુભાઈ ગણાત્રા, શ્રી પ્રશાંતભાઈ વિઠલાણી વિગેરે મહાનુભાવોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. વિચાર વિનિમય બાદ આગામી અધિવેશનના આયોજનની રૂપરેખા ઘડી કાઢવામાં આવી હતી.

આયોજનની રૂપરેખા બાબતે શ્રી હિમાંશુભાઈ ઠક્કરે વધુમાં જણાવ્યું હતું કે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા અનેક કાર્યો થઈ રહ્યાં છે. ઠેર ઠેર પ્રચાર સભાઓ ગોઠવાય છે. શિક્ષણ સહાય ક્ષેત્રે ગણનાપાત્ર કાર્ય થયું છે એમ તેમણે માહિતી આપતાં જણાવ્યું હતું.

શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર સાહેબે ધાર્મિક ઉત્સવો જેવાં કે રામ નવમી, અષાઢી બીજ, ચૈત્રી બીજ, જલારામ જયંતિ તેમજ સામાજિક સમારોહ જેવાં કે સરસ્વતી સન્માન સમારોહ, પરિચય મિલન મેળાવડાઓના ઉત્સવો સહિયારા ધોરણે ઉજવવાની અપીલ કરી હતી. શ્રી પિયુષભાઈ ગંઠાએ યુવા શક્તિને પ્રાધાન્ય આપી વર્તમાન સમયમાં અદ્યતન ટેક્નોલોજી અને ડિજિટલ યુગ દ્વારા કાર્યોને પ્રાધાન્ય આપવું જોઈએ એમ જણાવ્યું હતું. યજમાન મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ દત્તાણી સાહેબે સંગઠન દ્વારા સાકાર થઈ શક્તિ સિધ્ધિઓ અંગે મહાજને કરેલી સર્વાંગ પ્રગતિનો ચિતાર આપ્યો હતો. અંતમાં ઝોનલ અધ્યક્ષોને વિવિધ કામગીરીની જાણકારી સભાની કાર્યવાહી પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી હતી.



- નીતીનભાઈ પાંધી

# વિદર્ભ સહ મધ્યભારત





શ્રી લોહાણા મહાપરિષદ યુવા સમિતિ તથા પર્યાવરણ સમિતિ વિદર્ભ સહ મધ્યભારત દ્વારા ગોંદિયા સ્થિત વન વિભાગના સહયોગથી ૧ જુલાઈ થી ૮ જુલાઈ ૨૦૧૮ દરમ્યાન ૧ લાખ વૃક્ષારોપણ કરવાનું નક્કી કરેલ. તે શૃંખલામાં રવિવાર તા. ૧ જુલાઈ ગોંદિયાના મુંડીપાર ગામમાં વૃક્ષારોપણ ઉદ્‌ઘાટન સમારોહમાં રાષ્ટ્રીય યુવા સમિતિના અધ્યક્ષ અજયભાઈ વડેરા, વિદર્ભ મધ્યભારતના ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ દાવડા, વિભાગીય મંત્રી કમલેશભાઈ વસાણી જનસંપર્ક અધિકારી ચંદ્રકાંતભાઈ પોપટ, ગોંદિયા મહાજનના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ કાથરાણી, પ્રમુખ ઉપસ્થિતિમાં પ્રથમ દિવસે ૧૧ હજાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. અતિથિઓનો સત્કાર સ્મૃતિ ચિન્હ આપી કરવામાં આવ્યું હતું. શ્રી અજયભાઈ વડેરાએ સભામાં પર્યાવરણ બાબત રાષ્ટ્રીય સ્તરે કાર્ય થાય છે તેવી જાણકારી આપેલ. વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ મહાપરિષદની યોજનાઓની જાણકારી આપેલ તથા છેલ્લા બે મહિનામાં પર્યાવરણ સમિતિનાં વિભાગીય ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ વસાણીની સાથે અમરાવતી, આકોલા, નાગપુર, ગોંદિયા, રાયપુર, રાજનાંદગાંવ તથા અન્ય સ્થાનો પર સતત વૃક્ષારોપણનો કાર્યક્રમ થયેલ છે.

ઉપરોક્ત વૃક્ષારોપણના કાર્યક્રમમાં મહાપરિષદના રમતગમત સમિતિના ઉપાધ્યક્ષ શ્રી લલિતભાઈ જીવાણી, વિભાગીય આઈટી સમિતિના ઉપાધ્યક્ષ વિનયભાઈ રૂપારેલ, ગોંદિયા મહિલા મંડળના મંત્રી અમિતાબેન વડેરા, યુવક મંડળના પ્રમુખ પ્રશાંતભાઈ વડેરા, કિશોરભાઈ માધવાણી, નંદકિશોરભાઈ સોનછાત્રા, વિનયભાઈ ચંદારાણા, નીતીનભાઈ સોનછાત્રા, પ્રતિકભાઈ કાથરાણી, શ્રીમતી જાગૃતિ વડેરા, ઈંદિરાબેન વડેરા, જ્યોતિબેન કોટેચા, પ્રીતિબેન કારિયા, કલ્પનાબેન વડેરા, નીતાબેન સૂચક, વિપુલભાઈ પલાણ, નિલેશભાઈ કોઠારી, દક્ષાબેન જીવાણી, નીતીનભાઈ માધવાણી, ચંદ્રેશભાઈ માધવાણી, મનિષભાઈ પોપટ, અમરાવતી મહાજનના ઉપપ્રમુખ જયેશભાઈ રાજા, અનિલભાઈ ગાથા, ડૉ. નંદકિશોર લોહાણા, લોહાણા સમાજના તથા ગામના અસંખ્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે પર્યાવરણ સમિતિના વિભાગીય સદસ્ય તરીકે નાગપુરના પ્રફુલભાઈ રાજા, ધવલભાઈ પોંદા, ક્રિષ્ણા પોપટ, વિપુલભાઈ કારિયા તેમજ ગોંદિયા અશ્વિનભાઈ ઠક્કર, મનિષભાઈ પલાણ, ગીરીશભાઈ કારિયાની નિયુક્તિ કરેલ. કાર્યક્રમનું સંચાલન પ્રશાંત વડેરા તથા આભાર લલિતભાઈ જીવાણીએ કરેલ.

**સંકલન : કમલેશ વસાણી**





# દક્ષિણ ભારત લોહાણા સમાજ : એ.જી.એમ.

શ્રી દક્ષિણ ભારત લોહાણા સમાજની કારોબારી સમિતિની બેઠક (સામાન્ય સભા) તા. ૨૩ જૂન, ૨૦૧૮ ના રોજ શ્રી કોઈમ્બતૂર ગુજરાતી સમાજ ભવન ખાતે શ્રી કોઈમ્બતૂર લોહાણા મહાજનના યજમાનપદે યોજાઈ. સંસ્થાના પ્રમુખ શ્રી મુકેશભાઈ સાગલાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ મિટિંગમાં ચેન્નાઈ, કોઈમ્બતૂર, કોચીન, સેલમ, તિરૂપુર, ગોવા, હૈદરાબાદ, કાલિકટ, સિકંદરાબાદ, મેંગલોર શહેરોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મિટિંગમાં સંસ્થાના ભંડોળ માટે, વેબસાઈટ અપડેટ કરવા બાબત, મેમ્બરશીપ લીસ્ટ અપડેટ કરવા બાબત તથા અન્ય







મુદ્દાઓ ઉપર ચર્ચા કરાઈ હતી. સાથે સાથે સંસ્થાના મુખપત્ર લોકજાગૃતિ અંકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. પ્રમુખ શ્રી મુકેશભાઈ સાગલાણીના સીધા માર્ગદર્શન હેઠળ સંસ્થાના મંત્રી શ્રી મુકેશભાઈ અઢિયા, ખજાનચી શ્રી હરીશભાઈ હિરાણી, મહિલા વિભાગના અધ્યક્ષ સુશ્રી મીનાબેન ઠક્કર, યુવા વિભાગના અધ્યક્ષ સુશ્રી નિયતિબેન ચંદારાણાએ યજમાન મહાજનના પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કર સાથે સુંદર સંકલન કરી મીટિંગને યાદગાર બનાવી હતી.









# પર્યાવરણ સમિતિ

## પાણી બચાવો, જીવન બચાવો













૫ જુન (વિશ્વ પર્યાવરણ દિવસ) નિમિત્તે પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્યભારત વિભાગના કારોબારી સભ્ય લલિતભાઈ જોબનપુત્રા, લલિતભાઈ રાયચુરા તથા ગ્રીન આર્મી ટીમ સાથે વૃક્ષારોપણનો સંદેશો આપવામાં આવેલ અને વૃક્ષારોપણ કરવામાં આવેલ. આકોટ ખાતે પણ જયંતીભાઈ સેજપાલ, સુરેશભાઈ સેદાણી, નિતીનભાઈ હિંડોચા, હરીભાઈ સેજપાલ તથા અન્ય અગ્રણીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. આવી જ રીતે અમરાવતી આકોટ (વિદર્ભ સહ મધ્યભારત) વિભાગ ખાતે પ્રભાગના ચારેય નગરસેવકો શ્રી લોહાણા મહાપરિષદના સ્થાનિક હોદ્દેદારો, લોહાણા મહાજન, અમરાવતી તેમજ પર્યાવરણ સમિતિના કારોબારી સભ્યો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી ચંદ્રકાંતભાઈ પોપટ, શ્રીમતી શીલાબેન પોપટ, શ્રી જયેશભાઈ રાજા, શ્રી સુરેશભાઈ વસાણી, શ્રી માનવભાઈ બુધ્ધદેવ તેમજ અન્ય અગ્રણીઓ દ્વારા રાજાપેઠ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

૫ જૂન (વિશ્વ પર્યાવરણ દિવસ) નિમિત્તે પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સાયોના સ્કુલ (ચાંદલોડિયા) અમદાવાદ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, ભરતભાઈ અખાણી, નિલેશભાઈ ઠક્કર, નરોત્તમભાઈ ઠક્કર તથા પ્રેરક ઉપસ્થિતિ એનીમલ વેલ્ફેરબોર્ડના મેમ્બર શ્રી દિલીપભાઈ શાહ તથા પર્યાવરણ પ્રેમી મિત્રો અને સ્કૂલના બાળકો સાથે વૃક્ષારોપણ કરવામાં આવેલ અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશો સૌને આપવામાં આવેલ.

જસદણ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. શ્રી સોનલબેન વસાણી તથા સ્કુલના સ્ટાફ તથા વિદ્યાર્થી મિત્રો દ્વારા વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાનનો સંદેશો સૌને આપવામાં આવેલ. શ્રીમતી ઈલાબેન ગોકાણી તથા પ્રકૃતિ પરિવાર દ્વારા ઓખા ખાતે ગુગળનું વાવેતર કરવામાં આવેલ. ૫ જુન (વિશ્વ પર્યાવરણ દિવસ) નિમિત્તે ભુજ લોહાણા મહાજનના કાર્યક્રમમાં ભુજ લોહાણા મહાજનના હોદ્દેદારો, વન વિભાગના અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણનું વિતરણ કરવામાં આવેલ.

તા.૧૩-૬-૧૮ ના રોજ જલગાંવ (જામોદ)ના જલારામ મંદિર ખાતે પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્યભારત દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. નિતિનભાઈ પલાણ, રાજેશભાઈ ગોટેચા, અજયભાઈ પલાણ તથા વિશાલભાઈ સેદાણી દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

તા.૧૬-૬-૧૮ ના રોજ થાણેના ભિવંડી ખાતે થાણે લોહાણા મહાજન દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૨૦-૬-૧૮ ના રોજ રાલેગાંવ ખાતે સાગરભાઈ દાવડા તથા વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૨૨-૬-૧૮ના રોજ શ્રી જલારામ મંદિર જલગાંવ ખાતે ભગવતાચાર્ય ઉમેશભાઈ જાની, શીલાબેન પોપટ તથા પર્યાવરણ સમિતિના નિતિનભાઈ પલાણ, રાજેશભાઈ ગોટેચા, પરેશભાઈ પલાણ, અજયભાઈ પલાણ, વિશાલભાઈ સેદાણી, અશોકભાઈ વિઠલાણીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૨૪-૬-૧૮ના રોજ કોઈમ્બતુર ખાતે યોજાયેલ શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી બેઠકમાં પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણીએ સૌને પર્યાવરણ સમિતિની વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા.

તા.૨૭-૬-૧૮ ના રોજ થાણે ખાતે 'વડ સાવિત્રી વ્રત' નિમિત્તે વડના વૃક્ષાના રોપાનું વિતરણ કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષ વાસંતીબેન ગોકાણી તથા તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમ કરવામાં આવેલ. તા.૨૭-૬-૧૮ ના રોજ ભુજ (કચ્છ વિભાગ) ના માર્કેટીંગ યાર્ડ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભરતભાઈ ઠક્કર તથા વેપારી મિત્રો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રાએ સૌને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે અભિનંદન પાઠવેલ. વરસાદ હવે શરૂ થઈ ગયેલ છે. પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ આપ સૌને વૃક્ષારોપણ કરવાની વિનંતીભરી અપીલ કરે છે.

**- કિરીટ ભિમાણી, અધ્યક્ષ**

# સંસ્થા સમાચાર

## મુંબઈ

શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી - મુલુંડમાં પૂજારી શ્રી બીપીન મહારાજના સંગાથે જસરાજ દાદાના યોજાયેલા ધૂપ આરતી, થાળ, રણગીત, અંજલિ ગીતમાં ૫૦થી વધુ સંખ્યામાં ભાવિકો સહભાગી થયા હતા. ધૂપ આરતી બાદ ચિંતન મનનમાં સંગઠક શ્રી લાલજીભાઈ સરે પૂ.શ્રી ચંદુમાના શુભ હસ્તે જસરાજ દાદા મંડળ સ્મરણિકાનું વિમોચનનો કાર્યક્રમ તા. ૧૫ જુલાઈ, ૨૦૧૮ ના રોજ કરવામાં આવશે જેમાં પૂ. ચંદુમાના આશીર્વાદ મળે તેવી વિસ્તૃત માહિતી આપી હતી. આ સ્મરણિકાનું ૧૦૦૦ પ્રત માટે શ્રી અરૂણભાઈ ભીંડે, શ્રી હીરાલાલભાઈ મૃગ, શ્રી દેવેન્દ્રભાઈ અનમ, શ્રી નીતીનભાઈ પાંધી, શ્રી ભરતભાઈ ગંગેરિયાનો આર્થિક સહયોગ મળ્યો છે.

**સંકલન : લાલજી સર**

## બોરીવલી (મુંબઈ)

શ્રી બોરીવલી લોહાણા સેવા સમાજ દ્વારા મુંબઈ તેમજ બહારગામ વસતા સમસ્ત લોહાણા સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે ખાસ પરિચય સમિતિ કાર્યકરત છે આ સમિતિમાં યુવક-યુવતીઓની મીટીંગ માટે વ્યવસ્થા રાખવામાં આવેલ છે. ઉપરોક્ત સેવા નિઃશુલ્ક આપવામાં આવે છે. સર્વ જ્ઞાતિજનોને આ સેવાનો લાભ લેવા વિનંતી કરવામાં આવેલ છે. સ્થળ : શ્રી બોરીવલી લોહાણા સેવા સમાજ, મે. આર.આર. ઠક્કરની કું., રિધ્ધિ પેલેસ, ગ્રાઉન્ડ ફ્લોર, કોરા કેન્દ્ર ગ્રાઉન્ડની સામે, મેકડોનાલ્ડની બાજુમાં, આર.એમ. ભટ્ટડ માર્ગ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ. દર રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦. સંપર્ક સેતુ : શ્રી હરીદાસ દ્રોણા ૯૩૨૨૭૦૮૩૦૬, શ્રી દિનેશ કોટક ૯૯૬૯૦૦૮૩૫૪, શ્રી હસમુખ માવાણી : ૯૭૬૯૪૦૧૦૮૨

**સંકલન : હરિદાસભાઈ દ્રોણા**

## જુનાગઢ

શ્રી જલારામ સેવા ટ્રસ્ટ, જુનાગઢ દ્વારા જુનાગઢ પોસ્ટ ઓફિસ રોડ પર આવેલ સંત શિરોમણી પૂજ્ય શ્રી જલારામ બાપાના મંદિરનો ૧૬મો પાટોત્સવ તા. ૮-૬-૨૦૧૮ ને શુક્રવારના દિને ભાવપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ શુભ દિને સવારે ૭.૩૦ કલાકે આરતી બાદ છપ્પનભોગ અન્નકૂટ દર્શના આખો દિવસ રહ્યા હતા. સવારના ૧૦ થી બપોરના ૧ વાગ્યા સુધી જલારામ ભક્તો તથા દર્શનાર્થીઓ માટે ફરાળ અને સાંજના મહિલા સત્સંગ બાદ ૭.૦૦ થી ૯.૦૦ વાગ્યા સુધી કઢી-ખીચડી, બુંદી, ગાંઠીયાનો પ્રસાદ રાખવામાં આવેલ. આ અન્નકૂટ તથા મહાપ્રસાદના મનોરથી સ્વ.શ્રી છગનલાલ વસનજીભાઈ તન્ના હસ્તે ખુશાલભાઈ તન્ના પરિવાર તથા શ્રી જમનાદાસ નાનાલાલ કારીયા હસ્તે પરેશભાઈ કારીયા તરફથી રાખવામાં આવેલ.

શ્રી લોહાણા મહાજન જુનાગઢના ઉપક્રમે તા.૨૭-૫-૨૦૧૮ ને રવિવારના રોજ લોહાણા મહાજનવાડીમાં ધો.૧૦ અને ૧૨ પછી ના આગળના અભ્યાસ માટે માર્ગદર્શન આપતો સેમિનાર પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ મશરૂના અધ્યક્ષસ્થાને યોજાયો. આ સેમિનારમાં ધો.૧૦ અને ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓને જરૂરી માર્ગદર્શન શિક્ષણક્ષેત્રના તજજ્ઞો કુ.પ્રતિભાબેન નાગ્રેચા, પ્રો.હેમલભાઈ ભીમજીયાણી, સંજયભાઈ ચોલેરા, હર્ષદભાઈ મશરૂ, ડૉ. જતીનભાઈ મશરૂ. ડૉ. પરાગભાઈ અરોરા, પ્રદીપભાઈ ખીમાણી, મનીષભાઈ નાગ્રેચા, વિશ્લેષણભાઈ ખીરૈયા, સંજયભાઈ સુબા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું. તાજેતરમાં ગુજરાત સરકારશ્રીએ ગિરનાર ડેવલપમેન્ટ ઓથોરીટીમાં નિમાયેલ મહેન્દ્રભાઈ મશરૂ તથા પ્રદિપભાઈ ખીમાણીનું મહાજનશ્રી દ્વારા બુકે આપી સન્માન કરવામાં આવેલ હતું. આ સેમીનારમાં લોહાણા મહાજનના પ્રમુખ મહેન્દ્ર મશરૂ મોવડી મંડળના સભ્યશ્રી જયેન્દ્રભાઈ જોબનપુત્રા, ઉપપ્રમુખ જશુભાઈ ઉનડકટ, મહામંત્રી નંદલાલ ચોલેરા, મંત્રી રમેશભાઈ પરપડા, અજયભાઈ જોબનપુત્રા, શૈલેષભાઈ પારેખ, નવિનભાઈ ઠકરાર, નિતિનભાઈ તન્ના, સુરેશભાઈ દત્તા, પંકજભાઈ પલાણ, રવિભાઈ કારીયા, ગીરીશભાઈ આડતીયા, ખુશાલભાઈ તન્ના, ભુપેનભાઈ મુલીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. સ્થાનિક વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તેટલા માટે રઘુવંશી કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવેલ. જેમના અધ્યક્ષસ્થાને મહાજનના પ્રમુખ શ્રી અને તમામ શૈક્ષણિક સંસ્થાના કેળવણીકારો સભ્ય તરીકે રહેશે તેમ મહેન્દ્રભાઈ મશરૂએ અધ્યક્ષસ્થાનેથી જણાવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નિતિનભાઈ તન્ના, વિજયભાઈ ખખ્ખર, સંજયભાઈ ચોલેરા, ભુપેનભાઈ મુલીયા, આકાશ પરપડાએ જહેમત ઉઠાવી હતી.

**સંકલન : નંદલાલ ચોલેરા**

## પૂના

શ્રી પૂના લોહાણા મહાજન દ્વારા તા. ૨૪-૬-૨૦૧૮ ના રોજ ''શ્રી રાંદલ માતા સમૂહ લોટા પૂજન''નો કાર્યક્રમ યોજવામાં આવેલો હતો. આ પ્રસંગે મહાજન અને અન્ય ૨૫ યજમાન કુટુંબો મળી ૬૪ લોટાનું પૂજન કર્યું. ૬૨૦ ગોયણીઓ સહિત ૧૨૦૦ ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ભિલાઈ (છત્તીસગઢ)થી પધારેલ ભાગવત વક્તા અને રાંદલમાંના ઉપાસક શ્રી ઉમેશ જાની અને શ્રી પ્રકાશભાઈ જાનીએ સુંદર મંડપ સજાવી નારીયેલ ઉપર સૂર્યપત્ની શ્રી રાંદલમાંની સ્થાપના કરી. સવારે ૯.૦૦ વાગ્યે ગણપતિ પૂજનથી શરૂઆત કરી મોડી સાંજ સુધી સુંદર સંગીતમય કાર્યક્રમ થયો. શ્રી ઉમેશભાઈ અને શ્રી પ્રકાશભઆઈના માર્ગદર્શનમાં ઢોલક, તબલા, સિન્થેસાઈઝર, મંજીરા, બંસરી જેવા વાદ્યથી સજજ એમની ટીમે સંગીતની રમઝટથી સૌને ભક્તિમય વાતાવરણમાં તરબોળ કર્યા. પૂજા અને મહાપ્રસાદ પત્યા બાદ બપોરે સૌએ ભજન કીર્તનનો આનંદ લેતા ઘોડા નૃત્ય, બે તાળી, ત્રણ તાળી, છાકડી રાસ, સનેડા રાસ જેવા ગીતોથી માતાજીને સુખ સમૃધ્ધિ અને શાંતિથી પ્રાર્થના કરી. મહાજનના પ્રમુખ શ્રી દિલીપભાઈ એમ. કોટક અને મા.શ્રી ટ્રસ્ટી શ્રી પ્રભુદાસભાઈના સક્રિય અને કુશળ માર્ગદર્શન થકી સમિતિના સર્વ કાર્યકર્તાઓનું ટીમ વર્ક, મહાજનની અને યુથ વિંગની અપ્રતિમ વ્યવસ્થા, મહારાજના શુદ્ધ ઉચ્ચાર અને બુલંદ અવાજવાળા શ્લોકો અને ગીતોથી સંપન્ન થયેલ સંપૂર્ણ કાર્યક્રમ ખૂબ જ અનોખો અને અનુપમ રહ્યો.

**સંકલન : ધવલ પરમાણી**

## જૂનાગઢ

તા.૨૩-૬-૨૦૧૮ ને શનિવારના રોજ પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત રઘુવંશી સખી સહિયર વૃંદ દ્વારા હાસ્ય ચિકિત્સા, યોગ, પ્રાણાયામ, નેચરોપેથી માર્ગદર્શન 'વિશ્વ યોગ દિવસ' ઉજવણી કરવામાં આવી હતી તથા અમેરિકામાં અભ્યાસ કરતા અને જૂનાગઢનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીનું બહુમાન કરવામાં આવ્યું હતું. તા.૨૩ જૂન, ૨૦૧૮ ને શનિવારના રોજ શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન નીચે ધમાકેદાર કાર્યક્રમ ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટની વાડી, ગાંધીગ્રામ ખાતે રજૂ કરવામાં આવેલ. પ્રાર્થના તથા બે માસમાં રઘુવંશી સમાજના અવસાન પામેલા જ્ઞાતિશ્રેષ્ઠીઓને શ્રધ્ધાસુમન અર્પણ કરવામાં આવેલ. લાફિંગ એક્સરસાઈઝ વિભાબેન જોષી દ્વારા કરવામાં આવેલ. ઓલ બોડી એક્સરસાઈઝ સુધાબેન સોની દ્વારા વાંચન, અરૂણાબેન દ્વારા ધ્યાનથી થતા ફાયદા તથા નિદર્શન ચેતનાબેન મિશ્રાણી દ્વારા કરવામાં આવેલ. રોજ સવારે ચાલતી નિઃશુલ્ક દૈનિક શિબિરમાં જૂનાગઢના તમામ મહિલાઓને જોડાવવા અનુરોધ કરવામાં આવેલ.

**સંકલન : ચેતનાબેન મિશ્રાણી**

## પોરબંદર

સત્કાર્ય સાથે સેવાના સૂત્ર સાથે લોહાણા સમાજના સગપણ લાયક યુવક - યુવતિના સગપણ કાર્ય હેતુ જ્ઞાતિ સેવાર્થે કાર્યરત લોહાણા સગપણ માહિતી કેન્દ્ર - પોરબંદર દ્વારા ''રઘુવંશી યુવા પરિચય - ૨૦૧૮''નું શ્રી છાયા લોહાણા મહાજનના શુભેચ્છા સહકાર સાથે પૂ.વાલીમા લોહાણા મહાજન વાડી, સત્સંગ ચોક છાંયા (પોરબંદર) ખાતે તા. ૨૩-૯-૨૦૧૮ રવિવારે યોજાશે જેમાં ભાગ લેવા ઉચ્ચ અભ્યાસ / ડિગ્રીવાળા રઘુવંશી ઉમેદવારોને જાહેર આમંત્રણ છે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે રજીસ્ટ્રેશન થશે જેની છેલ્લી તા. ૩૧-૭-૨૦૧૮ છે. રજી.ફોર્મ દરેક ગામમાં લોહાણા મહાજન / સંસ્થાઓ તેમજ સેવાભાવી કાર્યકરો તેમજ આયોજક સંસ્થાના કાર્યાલયેથી મળી શકશે. ઝેરોક્ષ કરાવેલ ફોર્મ પણ ચાલશે. જે ઉમેદવારો ઉચ્ચ અભ્યાસ હોય તેમજ જન્મ વર્ષ ૧-૧-૧૯૮૧ પછીનું હોય તેવા ઉમેદવારો જ ભાગ લઈ શકશે. વધુ માહિતી અને પૂછપરછ માટે (આયોજક) લોહાણા સગપણ માહિતી કેન્દ્ર : ૧૬, નવો કુંભારવાડો, પાટા પાસે, જ્યુબેલી રોડ, પોરબંદર. મો. ૭૩૮૩૬૬૮૦૦૨, ૭૩૮૩૬૬૮૦૦૬નો સંપર્ક કરવો.

## ડીસા

શ્રી રઘુવંશી દેશી લોહાણા મહાજન વાડી - ડીસાની તેમજ શ્રી લોહાણા પ્રગતિ યુવક મંડળ - ડીસાની જનરલ સમાજની મીટીંગ તા. ૧૫-૬-૨૦૧૮ના રોજ જલારામ સેવા સંકુલ ખાતે મળી હતી તેમાં પ્રમુખ તરીકે શ્રી રજનીભાઈ બી. ઠક્કર, મંત્રી શ્રી દિનેશભાઈ બી. મજીઠીયા, ઉપપ્રમુખ શ્રી બાબુલાલ ઠક્કર, ખજાનચી શ્રી દેવચંદભાઈ એન. ઠક્કરની નિમણૂંક કરવામાં આવી હતી અને નવીન કારોબારીની રચના કરવામાં આવેલ હતી. નવા નિમણૂંક થયેલ હોદ્દેદારોને સમાજે વધાવી અને આવકાર્યાહતા. તેમજ પ્રમુખ શ્રી રજનીભાઈ ઠક્કરે તેમજ મંત્રી શ્રી દિનેશભાઈ મજીઠીયાએ સમાજને સાથે લઈને સમાજના હિતમાં સેવાકાર્યો કરવાની ખાત્રી આપી હતી. ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ)એ સફળ સંચાલન કરી સૌને બિરદાવ્યા હતા તેમજ સમાજના વડીલો શ્રી જયંતિભાઈ સોઢાવાલાએ પણ નવા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી.

**સંકલન : દિનેશભાઈ ઠક્કર**

## નાગપુર

નાગપુર વિદર્ભમાં વસતા લગભગ ૭૦ જેટલા વસાણી પરિવાર દ્વારા નાગપુરમાં તા. ૧૬/૧૭ જુન, ૨૦૧૮ ને શનિવાર અને રવિવારના રોજ વસાણી પરિવારનો દ્વિદિવસીય ધાર્મિક તથા સાંસ્કૃતિક મેળાવડા શ્રી લોહાણા સેવા મંડળ, હીવરીનગર સ્થિત ભવનમાં ભવ્ય આયોજન કરવામાં આવેલ. શનિવાર તા.૧૬-૬-૨૦૧૮ ને સાંજે ૭.૦૦ કલાકે રાજકોટના હાસ્ય કલાકાર ડૉ. અવનીબેન વ્યાસ અને જીતેન્દ્ર વ્યાસનો હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં હાસ્યથી લોટપોટ કરાવી ઉપસ્થિત સર્વેનું ભરપૂર મનોરંજન કરાવ્યું. આ પ્રસંગે વસાણી પરિવારના ૭૫ વર્ષથી વધુ વયના ૧૪ વડીલોનું શાલ, શ્રીફળથી સન્માન કરવામાં આવ્યું. તેવી જ રીતે વસાણી કુટુંબના જે બાળકો, યુવાનોએ કોઈપણ ક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ પ્રાપ્ત કરેલ હોઈ એમનું સત્કાર કરવામાં આવેલ. તા.૧૭-૬-૨૦૧૮ ને રવિવારના રોજ સવારે ભગવતી માઁ રાંદલની પૂજા થયેલ અને વસાણી પરિવારની બહેનો-દીકરીઓને ગોરણી કરી એમના પગ ધોવામાં આવેલ, બ્રહ્મભોજન બાદ વસાણી કુટુંબના દરેક પરિવાર મળી માતાજીનો મહાપ્રસાદ (સ્નેહભોજ) લીધેલ ઉપસ્થિત દરેક ગોરણીને લ્હાણી વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમ માટે જયપ્રકાશભાઈ વસાણી, કીરીટભાઈ વસાણી, રમેશભાઈ વસાણી, રાજેશભાઈ વસાણી, મુકેશભાઈ વસાણી, નરેશભાઈ વસાણી, અતુલભાઈ વસાણી, જયેશભાઈ વસાણી, પ્રતાપભાઈ વસાણી, શશીકાંતભાઈ વસાણી, ભરતભાઈ વસાણી તેમજ વસાણી પરિવારની સર્વે મહિલાઓએ અથાગ મહેનત કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**સંકલન : કમલેશ વસાણી**

## રાધનપુર

શ્રી અમર જ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર ખાતે તા. ૩૦-૬-૨૦૧૮ ને શનિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક તથા મુંબઈના સમાજશ્રેષ્ઠી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીની વિશેષ ઉપસ્થિતિમાં ભારતી ચંદ્રેશ વિરવાડીયા લૉ કોલેજનું ઉદ્દઘાટન, ઈન્ડોર સ્પોર્ટ્સ હૉલ / ભોજન કક્ષ નામકરણ, માતુશ્રી લલીતાબેન વલ્લભરામ ઠક્કર સેકન્ડરી સ્કૂલ નામકરણ સમારોહમાં પ.પૂ.વંદનીય શ્રી જાનકીદાસજી મહારાજ, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ડૉ.બી.એ. પ્રજાપતિ સાહેબ, શ્રી કુંદનભાઈ વ્યાસ, શ્રી કુમારપાળભાઈ શાહ, શ્રી વિનોદભાઈ એસ. ઠક્કર, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી અનિલભાઈ એચ. શાહ - મુંબઈ, શ્રી અશ્વિનભાઈ બી. આંખડ - મુંબઈ, શ્રી પ્રદીપભાઈ કાંતિલાલ વખારીયા - મુંબઈ, શ્રી આર.જી. શાહ - સુરત, શ્રી ધર્મેશભાઈ હરિયાણી - અમદાવાદ, શ્રી પોપટભાઈ અખાણી - ભાભર, શ્રી મહાસુખલાલ પુજારા - પાલનપુર, શ્રી શંકરલાલ કાળુરામ ઠક્કર - અમદાવાદ, શ્રી રસીકલાલ ઈશ્વરલાલ ઠક્કર - અમદાવાદ, શ્રી પ્રવિણચંદ્ર નરભેરામભાઈ ઠક્કર - અમદાવાદ, શ્રી જયંતભાઈ મનુભાઈ પંડ્યા - અમદાવાદ, શ્રી ધીરજલાલ પરસોત્તમભાઈ પુજારા - પાલનપુર, શ્રી બચુભાઈ કેશવલાલ ઠક્કર - અમદાવાદ, શ્રી મોહનલાલ ચુનીલાલ ઠક્કર - ગાંધીધામ, શ્રી મનોજકુમાર નટવરલાલ સચદે - અમદાવાદ, શ્રી હરીલાલ હરગોવનદાસ ઠક્કર - અમદાવાદ, શ્રી શંભુલાલ કરમશીભાઈ તન્ના - હારીજ, શ્રી પોપટલાલ માવજીભાઈ ઠક્કર - પાલનપુર, શ્રી કે.એસ. આચાર્ય - માંડવી, શ્રી સુરેશભાઈ ખીમજીભાઈ ઠક્કર - ભુજ, શ્રી અમરતલાલ કુંવરજીભાઈ ઠક્કર - ગાંધીધામ, શ્રી મુકેશભાઈ પી.જોબનપુત્રા - અમદાવાદ, શ્રી નરેશભાઈ જયંતિલાલ ઠક્કર - બેચરાજી, શ્રી લહેરચંદભાઈ ગંગારામભાઈ ઠક્કર - ગાંધીધામ, શ્રી લખમશીભઆઈ ડી. પોપટ - ભચાઉ, શ્રી બી.ડી. વાઘીયા - જુનાગઢ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**સંકલન : રાયચંદભાઈ કે. ઠક્કર**

## જામનગર

શ્રી લોહાણા મહિલા સેવા સમાજ જામનગરના ઉપક્રમે શ્રી જામનગર લોહાણા મહાજન વાડીમાં તા. ૨૭-૫-૨૦૧૮ને રવિવારના રોજ સિલાઈ મશીન વિતરણ સમારંભ માનનીય સાંસદ શ્રી પૂનમબેન માડમના પ્રમુખસ્થાને યોજવામાં આવેલ. અતિથિ વિશેષ તરીકે જામનગર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ લાલ, નોબત દૈનિકના તંત્રી શ્રી પ્રદિપભાઈ માધવાણી તથા ભાજપ શહેર પ્રમુખ શ્રી હસમુખભાઈ હિંડોચા ઉપસ્થિત રહેલ હતા. જરૂરીયાતમંત બહેનો સંસ્થાએ ૫૦૦૦થી વધુ બહેનોને ફક્ત ૫૦૦ રૂા.માં ઘરે સિલાઈ મશીન ની સાથે કામ પણ આપેલ છે. જરૂરીયાતમંદ દર્દીઓનો દવા, વિદ્યાર્થીઓને ફીમાં ચોપડાઓનું વિતરણ, જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વિતરણ કરવામાં આવે છે. વૃદ્ધાશ્રમમાં વડીલોને માથાનું તેલ, ન્હાવાનો સાબુ તથા કપડાં વગેરે પણ આપવામાં આવે છે.

**સંકલન : સુલોચનાબેન તન્ના**

# શાબાશ રઘુવંશી

સ્કોટલેન્ડ (યુ.કે.)થી પધારેલા **શ્રી આશિષભાઈ બ્રહ્મભટ્ટ** તથા તેમના સુપુત્ર **શ્રી સંયમ બ્રહ્મભટ્ટે** તા.૭ જુલાઈ, ૨૦૧૮ ને શનિવારના રોજ અમદાવાદ ખાતે શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાત લીધી હતી. યુ.કે. ખાતે વસતા રઘુવંશી સમાજના શ્રેષ્ઠીઓ અંગે પણ વિગતે ચર્ચા વિચારણા થઈ હતી. તા. ૮ જુલાઈ, ૨૦૧૮ ના રોજ યુ.કે. ખાતે રઘુવંશી લોહાણા સમાજનું ગૌરવ અને શ્રી લોહાણા મહાપરિષદના મહિલા વિભાગના અધ્યક્ષ સુ શ્રી નીમાબેન આચાર્ય પણ યુ.કે. સાથે જ જઈ રહ્યા હોવાથી પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે કાર્યક્રમના સુંદર આયોજન બદલ શ્રી આશિષભાઈ બ્રહ્મભટ્ટ તેમજ ડૉ. નીમાબેન આચાર્યને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવી હતી. શ્રી આશિષભાઈ બ્રહ્મભટ્ટ કે જેઓ સ્કોટલેન્ટ ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રભારી છે. તેમણે ભારતમાંથી પણ શ્રી લોહાણા મહાપરિષદના પ્રતિનિધિઓને સ્કોટલેન્ડ આવવા માટે વિધિવત્ આમંત્રણ આપ્યું હતું. શ્રી આશિષભાઈ બ્રહ્મભટ્ટને પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક, મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ટ્રસ્ટીશ્રી નિતિનભાઈ રાયચુરા તથા ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકે તેમની લાગણીઓને સ્વીકારી તેમને ધન્યવાદ પાઠવ્યા હતા તથા માતૃસંસ્થા તરફથી મેમેન્ટો તથા ખેસ અર્પણ કર્યો હતો.






માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના વર્તમાન ટ્રસ્ટી તેમજ રાજકોટના અગ્રણી **શ્રી નીતીનભાઈ રાયચુરા**ને શ્રી જલારામ હોસ્પિટલ - રાજકોટમાં ટ્રસ્ટી તરીકે નિમણૂંક થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ ખૂબ અભિનંદન.



મુંબઈ સ્થિત સમાજશ્રેષ્ઠી અને શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ **શ્રી સતીષભાઈ વિઠલાણી**ને શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલા, અમદાવાદના ટ્રસ્ટી તરીકે નિમણૂંક થવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ ખૂબ અભિનંદન....




ગાંધીનગર સ્થિત **અંજલિ સંજયભાઈ તન્ના**ને ઉત્તર પ્રદેશ સરકાર તરફથી લખનૌમાં યોજાયેલા એક સમારોહમાં "મૈ હું બેટી" એવોર્ડ કલામ સેન્ટરમાં ઉત્તર પ્રદેશના કેબિનેટ મંત્રી ધરમપાલસિંહ, પરિવહન મંત્રી સ્વતંત્રદેવસિંહ, વિધાનસભાના અધ્યક્ષ રાજબહાદુરસિંહની ઉપસ્થિતિમાં એનાયત કરાયો. શાસ્ત્રીય નૃત્ય કથ્થકમાં વિશારદ ઉપરાંત વેસ્ટર્ન ડાન્સ, સેમી ક્લાસિકલ, રાજસ્થાની, પંજાબી, લાવણી, શાલસા, બેલે જેવા અનેક નૃત્યોમાં પારંગત બની સમગ્ર લોહાણા સમાજનું ગૌરવ વધારનાર ખ્યાતનામ નૃત્યાંગના અંજલિ તન્નાને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ ખૂબ અભિનંદન....



# શ્રી લોહાણા મહાપરિષદ



## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા
## સંચાલિત
## શ્રી ખીમજી ભગવાન આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



## ૨૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ

### રૂમ ચાર્જ : ૯૫૦/-

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે**
**વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**
**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણપત્ર અનિવાર્ય છે.**

**વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : મધુકર મજીઠીયા, મો. 8238256700**

**RNI NO. : GUJ/GUJ/2011/44815**
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th July, 2018




**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)